RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 335* Date: 02.10.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ઓટો-ડેબિટ અંગે રિઝર્વ બેંકના નવા નિયમ અમલી




નવી દિલ્હી , તા.૦૧

ઓગસ્ટ ૨૦૧૯ના રોજ રિઝર્વ બેંકે ઓનલાઈનટ્રાન્ઝેક્શન્સ અંગે ઈ-મેન્ડેટના પ્રોસેસિંગ માટે માળખુ જારી કર્યુ હતુ. પ્રારંભમાં આ માળખુ કાર્ડ અને વોલેટ્સને જ લાગુ પડતુ હતુ. જાન્યુઆરી ૨૦૨૦માં તેમા યુનિફાઇડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઇ) વ્યવહારોને પણ આવરી લેવાયા હતા. રિઝર્વ બેંકે ભારતમાં ડિજિટલ પેમેન્ટને સલામત બનાવવા માટે એએફએને ફરજિયાત બનાવ્યુંછે. આના લીધે ગ્રાહકો છેતરપિંડીવાલા વ્યવહારોથી બચી શકે છે અને ગ્રાહકની સગવડતામાં પણ વધારો થાય છે.રિઝર્વ બેંકે ઓટો ડેબિટના નવા નિયમ આજથી અમલી બનશે. તેના માટે લંબાવવામાં આવેલી ડેડલાઈન ૩૦ સપ્ટેમ્બરે પૂરી થઈ છે. આ સાથે હવે રિચાર્જ અને યુટિલિટિ બિલ સહિત કોઈપણ પ્રકારના ઓટોમેટિક રિકરિંગ પેમેન્ટમાં એડિશનલ ફેક્ટર ઓફ ઓથેન્ટિકેશન (એએફએ) શુક્રવારથી ફરજિયાત બનશે. રિઝર્વ બેંકે ચોથી ડિસેમ્બરના રોજ આરઆરબી, એનબીફસી અને પેમેન્ટ ગેટવે તથા પ્રીપેઇડ પેમેન્ટ્સ ઈન્સ્ટ્રૂમેન્ટ્સ (પીપીઆઇ) તથા યુનિફાઇડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઇ) ઓટો ડેબિટ અંગેના નવા નિયમોનું ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ પછી પાલન કરવું પડશે. જો કે પછી આ ડેડલાઈન ૩૦ સપ્ટેમ્બર સુધી લંબાવાઈ હતી. તેમા ક્રેડિટ કાર્ડ કંપનીઓનો પણ સમાવેશ થાય છે. રિઝર્વ બેંકે કાર્ડના વ્યવહારોની સલામતી વધારવા અને ગ્રાહકની સુરક્ષામાં વધારો કરવા માટે આ પગલાંની જાહેરાત કરી હતી.

## પ્રાકૃતિક ગેસની કિંમતમાં ૬૨ ટકાનો વધારો કર્યો

નવી દિલ્હી , તા.૦૧

કેન્દ્ર સરકારે મહત્વનો નિર્ણય લઈને પ્રાકૃતિક ગેસની કિંમતમાં ૬૨ ટકાનો વધારો કર્યો છે. ગુરૂવારે જાહેર કરવામાં આવેલા સત્તાવાર આદેશમાં તેની જાણકારી આપવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં પ્રાકૃતિક ગેસની કિંમતો વધવાના કારણે કેન્દ્રએ આ પગલું ભર્યું છે.

પેટ્રોલિયમ કંપનીઓ દર મહિને એલપીજી સિલિન્ડરની કિંમતોની સમીક્ષા કરે છે. દરેક રાજ્યમાં ટેક્ષ અલગ અલગ હોય છે અને તેના હિસાબથી એલપીજીની કિંમતોમાં પણ તફાવત હોય છે. દેશની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ૧૯ કિગ્રા વજનવાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતોમાં ૪૩.૫ રૂપિયાનો વધારો કરી દીધો છે. જ્યારે ૧૪.૨ કિગ્રા વજનવાળા એલપીજી રાંધણ ગેસ સિલિન્ડરની કિંમતોમાં કોઈ જ ફેરફાર નથી થયો. પહેલી ઓક્ટોબરથી દિલ્હીમાં ૧૯ કિગ્રા વજનવાળા કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ૧,૬૯૩ રૂપિયાથી વધીને ૧,૭૩૬.૫૦ રૂપિયા થઈ ગઈ છે. કોલકાતા ખાતે તેની કિંમત ૧,૮૦૫.૫ રૂપિયા થઈ ગઈ છે. મુંબઈમાં ૧,૬૮૫ રૂપિયા અને ચેન્નાઈમાં ૧,૮૬૭.૫ રૂપિયા થઈ ગઈ છે. અગાઉ સપ્ટેમ્બર મહિનામાં સિલિન્ડરની કિંમતમાં ૭૫ રૂપિયાનો વધારો થયો હતો. દિલ્હીમાં ૧૪.૨ કિગ્રા વજનવાળો સબસિડી વગરનો એલપીજી સિલિન્ડર ૮૮૪.૫ રૂપિયામાં મળી રહ્યો છે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

### જીવંત પ્રસારણ તમામ ૧૪,૨૫૦ ગ્રામ પંચાયતોમાં થશે

# ગાંધી જયંતિએ ગ્રામ પંચાયતોમાં ગ્રામસભા યોજાશે

ગાંધીનગર ,તા.૦૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'અમૃત મિશન' દ્વારા દેશના શહેરી વિકાસને નવી દિશા આપી છે. આ મિશન અંતર્ગત શહેરોમાં પાણી પુરવઠા, સુએજ વ્યવસ્થાપન, સ્ટોર્મ વોટર ડ્રેનેજ, બગીચા-પાર્ક અને જાહેર પરિવહન ક્ષેત્રે વિકાસની નવી પરિપાટી ઘડાઇ છે. પ્રવક્તા મંત્રીઓએ ઉમેર્યુ કે, પ્રધાનમંત્રીના ખાદી ફોર નેશન- ખાદી ફોર ફેશનના મંત્રને સાકાર કરવા અને ખાદી વણાટ સાથે સંકળાયેલા ગ્રામીણ પરિવારોની આર્થિક સ્થિતિને સક્ષમ બનાવવા ગુજરાતમાં આ વર્ષે ગાંધીજયંતિ ૨ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર દરમ્યાન ૨૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય (રિબેટ) અપાશે. તેમણે જણાવ્યું કે, ગુજરાતમાં ખાદી ઉત્પાદન અને પોલિવસ્ત્ર ઉત્પાદન સહિતની ખાદી કામગીરી સાથે જોડાયેલા અંદાજે ૧૨ હજાર જેટલા કારીગરોને આના પરિણામે આર્થિક આવક વૃદ્ધિનો લાભ મળશે.

આમ, CM ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં સમગ્રતયા ઓક્ટોબર માસ દરમ્યાન ગુજરાતમાં સ્વચ્છતા સફાઇ, જનસુખાકારીના કામો અને અંત્યોદય, ગરીબના આર્થિક વિકાસ કામોને જનભાગીદારીથી પ્રેરિત કરીને રાજ્યવ્યાપી અભિયાનો હાથ ધરાશે તેમ તેમણે ઉમેર્યુ હતું.ગુજરાત સરકારે જણાવ્યું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ ૨ ઓક્ટોબરે રાજ્યમાં ખાસ ગ્રામસભાઓનું આયોજન રાજ્યની ૧૪,૨૫૦ ગ્રામ પંચાયતોમાં કરવામાં આવશે. ઝસ ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી ગાંધી જયંતિથી પ્રારંભ થનારા રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા અભિયાન ક્લિન ઈન્ડિયા અને 'અમૃત ૨.૦ મિશન'ના અભિયાનના ગુજરાત રાજ્યમાં આયોજનને આખરી ઓપ આપ્યો હતો.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીઓએ આ આયોજનની વિસ્તૃત વિગતો પ્રચાર માધ્યમો સમક્ષ આપી હતી. પ્રવક્તા મંત્રીઓએ કહ્યું કે, મહાત્મા ગાંધીજીના ગ્રામ સ્વરાજ અને ગ્રામોત્થાનના વિચારને વધુ ઉન્નત સ્તરે મૂર્તિમંત કરવાના ઉદ્દેશ્યથી ૨ ઓક્ટોબરે રાજ્યભરની ૧૪,૨૫૦ ગ્રામ પંચાયતોમાં સવારે ૧૦ થી ૧૧ વાગ્યા દરમ્યાન ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ ગ્રામસભાઓ અંતર્ગત બનાસકાંઠાના પાલનપૂર તાલુકાની પીપલી ગ્રામ પંચાયતની ગ્રામસભામાં જલ જીવન મિશન અમલીકરણ અંગે સીધો સંવાદ કરશે તેમ પણ મંત્રીઓએ ઉમેર્યુ હતું. વડાપ્રધાન સવારે ૧૧ કલાકે ગ્રામસભાઓને સંબોધન કરી માર્ગદર્શન આપશે અને તેનું જીવંત પ્રસારણ તમામ ૧૪,૨૫૦ ગ્રામ પંચાયતોમાં થશે એવું આયોજન રાજ્યના પંચાયત-ગ્રામવિકાસ વિભાગ દ્વારા કરવામાં આવેલું છે. પ્રવક્તા મંત્રીઓએ એમ પણ જણાવ્યું કે, ગુજરાતમાં સપ્ટેમ્બર-૨૦૨૨ સુધીમાં જલ જીવન મિશનનો લક્ષ્યાંક પૂર્ણ કરવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે. રાજ્યમાં ૯૨.૯૨ લાખ ઘરો સામે ૮૧.૪૧ લાખ ઘરો એટલે કે ૮૭.૬ ટકા ઘરોનું નળ જોડાણ પૂર્ણ થઈ ગયુ છે, બાકી રહેલા ઘરોમાં આગામી ૧ વર્ષમાં જોડાણ પૂર્ણ કરાશે તેમ તેમણે કહ્યું હતું.

ગ્રામસભાઓમાં જે એજન્ડાનો સમાવેશ થયો છે તેની વિગતો આપતાં પ્રવક્તા મંત્રીઓએ જણાવ્યું કે, વિલેજ એકશન પ્લાન, હર ઘર જલ, પાણીના ઉપલબ્ધ સ્ત્રોત, પાણી સમિતી પાણીની ગુણવત્તા વગેરે અંગે પણ ચર્ચા-વિમર્શ અને માર્ગદર્શન અપાશે. તેમણે જણાવ્યું કે, પૂજ્ય બાપૂના 'સ્વચ્છતા ત્યાં પ્રભૂતા'ના સંદેશને આત્મસાત કરતાં સમગ્ર દેશમાં જે ક્લિન ઈન્ડિયા કાર્યક્રમનો પ્રારંભ થવાનો છે તેનો પણ ગુજરાતના વિવિધ ગામો-નગરોમાં જનભાગીદારીથી પ્રારંભ કરાશે. ગ્રામસભાઓમાં જલ જીવન મિશન, સ્વચ્છતા અંગે જનજાગૃતિ, કોવિડ-૧૯ વેક્સિનેશન માટે જનજાગૃતિ અને વતનપ્રેમ યોજના સહિત ૧૫માં નાણાપંચની કુલ રૂ. ૫૫૫૭ કરોડની ગ્રાન્ટમાંથી કરવાના થતા કામો અંગે માર્ગદર્શન અપાશે. ક્લિન ઈન્ડિયા કાર્યક્રમ અન્વયે ગ્રામ્યકક્ષાએ પાણીજન્ય તથા મચ્છરજન્ય રોગોથી બચવા માટે જરૂરી રોગનિવારક પગલાં, સમગ્ર ઓક્ટોબર મહિના દરમ્યાન દરેક ગામોમાં સફાઇ ઝૂંબેશ મહાઅભિયાન હાથ ધરવામાં આવશે તેની પણ વિસ્તૃત છણાવટ પ્રવક્તા મંત્રીઓએ કરી હતી.

### સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને હાઈવેને ખોલવાની છુટ પણ આપી દીધી

# દિલ્હીની સરહદોએથી ખેડૂતોને હટાવી રસ્તા ખોલવાની તૈયારી

નવી દિલ્હી , તા.૦૧

સુપ્રીમ કોર્ટે સરકારને કહ્યું હતું કે અમે કાયદાનો અમલ કરવાનો આદેશ આપી શકીએ પણ તેનો અમલ કરાવવો તે સરકારની જવાબદારી છે કેમ કે કોર્ટ તેનો અમલ ન કરાવી શકે. સોલિસિટર જનરલ તુષાર મેહતાએ કહ્યું હતું કે કાયદાનો અમલ કરાવવો તે એક્ઝિક્યૂટિવની ડયૂટી છે. સરકારે માગણી કરી હતી કે આ સમગ્ર મામલામાં ખેડૂત સંગઠનોને પણ પક્ષકાર બનાવવામાં આવે તેની છુટ આપવામા આવે. આ માગણીનો સુપ્રીમ કોર્ટે સ્વિકાર કર્યો હતો. આ સાથે જ સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે ખેડૂત આંદોલનને કારણે લોકોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. સિંઘુ, ગાઝીપુર બોર્ડર ટૂંક સમયમાં ખોલવામાં આવે તેવી શક્યતાઓ છે. સાથે જ સરકારને આડકતરી રીતે સરહદો ખોલવાની છૂટ પણ આપવામાં આવી છે.કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતો આદોલન કરી રહ્યા છે.

દિલ્હીના સિંઘુ, ગાઝીપુર અને અન્ય સરહદોએ ધરણા પ્રદર્શનો ચાલી રહ્યા છે. ઘણા વિસ્તારોમાં હાઈવેને ખેડૂતોએ ઘણા મહિનાથી બ્લોક કરી દીધા છે. એવામાં સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે હાઈવેને કાયમી ધોરણે બ્લોક ન કરી શકાય. કાયદા વ્યવસૃથાનો અમલ કરવો તે સરકારની જવાબદારી બને છે. આ સાથે જ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ હાઈવેને ખોલવાની છુટ પણ આપી દીધી છે. સુપ્રીમ કોર્ટે આંદોલનોને કારણે હાઈવે બંધ થતા નારાજગી વ્યક્ત કરી હતી. અને કહ્યું હતું કે કોઇ પણ મામલાનું સંસદની ચર્ચા, કોર્ટોની સુનાવણી અને આંદોલનો દ્વારા નિરાકરણ લાવી શકાય છે. પણ તેના માટે હાઈવે જામ કરવા ઠીક નથી.



આ સાથે જ કોર્ટે કેંદ્ર સરકારને આ મામલે દાખલ અરજીમાં ખેડૂત સંગઠનોને પણ પક્ષકાર બનાવવાની છુટ આપી દીધી છે અને વધુ સુનાવણી સોમવાર સુધી મુલતવી રાખી હતી. આક્રામક નિવેદન આપતા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ખેડૂતોને ધરણા પ્રદર્શનનો અધિકાર છે પણ રોડ રસ્તાને અનિશ્ચિત સમય માટે જામ ન કરી શકાય. સરકારને અગાઉ સુપ્રીમે આંદોલનો દ્વારા થતા હાઈવે જામનું નિરાકરણ લાવવા પણ કહ્યું હતું. કેન્દ્ર સરકારના કૃષિ કાયદાઓનો વિરોધ કરવા ખેડૂતો ગયા વર્ષે નવેમ્બર મહિનાથી દિલ્હીની અલગ અલગ સરહદો પર ધરણા પ્રદર્શન કરી રહ્યા છે. જેને પગલે અનેક રૂટને ડાયવર્ટ પણ કરવા પડી રહ્યા છે અને અનેક સૃથળે ટ્રાફિક જામ થઇ રહ્યો છે. નોઇડાના રહેવાસી મહિલા મોનિકા અગ્રવાલ તરફથી દાખલ અરજી પર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી રહી હતી.

## યુએનની પર્યાવરણ પરિષદની બેઠક પૂર્વે ચીનનો દેખાડો

શેનયાંગ , તા.૦૧

ચીનનો વીજ વપરાશ લગભગ બમણો થઈ ગયો છે, જ્યારે શાસક સામ્યવાદી પક્ષ ઊર્જા વપરાશમાં ઘટાડો કરવા માંગે છે. આ વીજકાપ તે સમયે કરવામાં આવ્યો છે જ્યારે વિશ્વના નેતાઓ કુમિંગના દક્ષિણપશ્ચિમી શહેરમાં ૧૨ અને ૧૩ ઓક્ટોબરના રોજ યુએન એન્વાયર્નમેન્ટ વિડીયો કોન્ફરન્સ કરવાના છે. આ બતાવે છે કે રાષ્ટ્રપતિ શી જિનપિંગની સરકાર પર પ્રદૂષણમાં ઘટાડો કરવાનું અને ઊર્જા કાર્યક્ષમતાના લક્ષ્યાંકો સર કરવાનું કેટલું દબાણ છે.યુએનની પર્યાવરણ પરિષદની બેઠક ૧૨ અને ૧૩મી ઓક્ટોબરે યોજાવવાની છે ત્યારે દરેક દેશ દ્વારા પ્રદૂષણ નિયંત્રણના મોરચે તેણે નિયત કરેલા લક્ષ્યાંકો કેટલા સિદ્ધ કરવામાં આવ્યા તેનું પણ રિપોર્ટિંગ થવાનું છે. તેથી પર્યાવરણને પ્રદૂષિત થતું રોકવાની દિશામાં ચીને પોતે ગંભીર છે તેવું બતાવવા માટે સમગ્ર દેશમાં અભુતપૂર્વ વીજ કાપ લાદી દીધો છે. ચીનના મોટાભાગના પ્રાંતો પ્રદૂષણ માટે નિયત કરેલા લક્ષ્યાંકોને સર કરવામાં નિષ્ફળ જતાં રાષ્ટ્રપતિ શી જિનપિંગ પર વધેલા આંતરરાષ્ટ્રીય દબાણના પગલે તેમને આ પ્રકારનું પગલું લેવાની ફરજ પડી હોવાનું કહેવાય છે. ચીનમાં લાદવામાં આવેલા આ વીજકાપની અભૂતપૂર્વ ઘટનાના લીધે લોકોએ સ્માર્ટફોનની લાઈટના આધારે બ્રેકફાસ્ટ કર્યો હતો. દુકાનદારોએ તેમની દુકાનના જનરેટર ચાલુ કરી દીધા હતા. ચીનમાં કેટલાક વિસ્તારોમાં વીજ અછત દૂર કરવા અને સત્તાવાર કન્ઝર્વેશન ટાર્ગેટ્સને પહોંચી વળવા માટે વીજ કાપ લાદવામાંઆવ્યો હતો. અખબારી અહેવાલોનો દાવો છે કે કોલસાના ઊંચા ભાવના લીધે વધતી જતી માંગને પહોંચી વળવા કંપનીઓ ખચકાતી હોવાના લીધે આ વીજ કાપ જોવા મળ્યો છે.

## ભારતના તમામ જિલ્લામાં એક મેડિકલ કોલેજ હોવી જોઇએ : વડાપ્રધાન મોદી

જયપુર , તા.૦૧

ભૂતકાળ બની ચૂકેલી મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની વાત કરતાં વડાપ્રધાને કહ્યું હતું કે આ કાઉન્સિલના નિર્ણયો અને પારદર્શિતા વિશે અવારનવાર પ્રશ્નો અને આશંકાઓ ઉભી થતી હતી જેના પગલે મેડિકલ એજયુકેશન અને આરોગ્યની સેવાઓ ઉપર વિપરીત અસર પડી હતી.

સરકારે અનેક પ્રયાસો અને પડકારોનો સામનો કર્યા બાદ છેવટે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સ્થાને નેશનલ મેડિકલ કમિશનની રચના કરી છે અને તેની જે્સર પડી તે હાલ જોઈ શકાય છે એમ મોદીએ કહ્યું હતું. તે સાથે વડાપ્રધાને કહ્યું હતું કે ૨૦ વર્ષ પહેલાં તે જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે મેડિકલ શાખાના માળખામાં, મેડિકલ એજયુકેશનમાં અને આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં અનેક પડકારો હતા, પરંતુ તેમણે તમામ પડકારો ઝીલી લીધા હતા અને સામુહિક પ્રયાસી કરીને સ્થિતિને બદલી નાંખી હતી.મેડિકલની વિદ્યાસાખામાં ગ્રેજયુએશન બાદના પોસ્ટ ગ્રેજયુએશના અભ્યાસક્રમ માટે દેશના પ્રત્યેક જિલ્લામાં એક મેડિકલ કોલેજ અથવા સંસ્થા હોવી જોઇએ એમ વડાપ્રાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારે કહ્યું હતું. વડાપ્રધાને એમ પમ કહ્યું હતું કે આરોગ્ય સેવાઓ અને મેડિકલ એજયુકેશન વચ્ચે અત્યાર સુધી જે ખાઈ હતી તે પણ ઘટી ગઇ છે કેમ કે હાલ સરકારનું બધુ ધ્યાન પ્રિવેન્ટિવ હેલ્થકેર (રોગ થતો અટકાવી દે એવી તબીબી સેવા) અને આયુર્વેદ અને યોગ ઉપર કેન્દ્રિત થયેલું છે.

છેલ્લા ૬ વર્ષમાં ૧૭૦ કરતા વધુ મેડિકલ કોલેજોનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયું છે અને ૧૦૦ નવી મેડિકલ કોલેજોનું કામકાજ તેજ ગતિએ આગળ વધી રહ્યું છે એમ મોદીએ રાજસ્થાન ખાતે ચાર મેડિકલ કોલેજોના વર્ચ્યુલ ખાતમુહૂર્ત અને ઈન્સ્ટિટયૂટ ઓફ પેટ્રોકેમિકલ્સ ટેકનોલોજીના આભાસી ઉદઘાટન પ્રસંગે લકહ્યું હતું. મેડિકલની શાખામાં ગ્રેજયુએશન બાદ પોસ્ટ ગ્રેજયુએશનની શિક્ષણ માટે દેશના પ્રત્યેક જિલ્લામાં એક મેડિકલ કોલેજ ઉભી કરવા સરકાર સંભવ તમામ પ્રયાસો કરી રહી છે એમ વડાપ્રધાને કહ્યું હતું.

## ઈડીએ એનબીએફસી પાસેથી ૧૩૧ કરોડનું ફંડ જપ્ત કર્યું

નવી દિલ્હી , તા.૦૧

ભારતીય મૂળની કંપની પીસીએફએસની સ્થાપના ૧૯૯૫માં ભારતીય રહેવાસીએ કરી હતી અને તેને ૨૦૦૨માં એનબીએફસી લાઈસન્સ મળ્યુ હતુ. રિઝર્વ બેંકની ૨૦૧૮માં મંજૂરી પછી તેની માલિકી ચાઈનીઝ માલિકીની કંપની પાસે ગઈ હતી. ઈડીનો આરોપ છે કે પીસીએફએસે ભારતની બહાર ગેરકાયદેસર રીતે જંગી નાણા ટ્રાન્સફર કર્યા છે. તેમા અસ્તિત્વ ધરાવતા ન હોય તેવા સોફ્ટવેરની આયાત કરી હોવાનું દર્શાવીને અને માર્કેટિંગ સર્વિસિસ પૂરા પાડતા હોવાનું દર્શાવીન વિદેશમાં ભંડોળ ટ્રાન્સફર કર્યુ છે અને આ ભંડોળને સંલગ્ન વિદેશી કંપનીઓના ખાતામાં રાખવામાં આવ્યુ છે. આ રીતે તેણે ફોરીન એક્સ્ચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમ્સ)નો ભંગ કર્યો છે. રિઝર્વ બેંકે આ ભંગ અંગે જણાવ્યું છે. તેથી ઈડીએ તેના વિવિધ બેંક અને પેમેન્ટ ગેટવેમાં ૧૩૧.૧૧ કરોડનું ભંડોળ જપ્ત કર્યુ છે. તેણે આ જ એનબીએફસી પાસેથી ઓગસ્ટમાં ૧૦૬.૯૩ કરોડ જપ્ત કર્યા હતા.એન્ફાર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)એ ગુરુવારે જણાવ્યું હતું કે તેણે ચાઇનીઝની માલિકીની એનબીએફસી પાસેથી ૧૩૧ કરોડના ભંડોળને જપ્ત કર્યુ છે. તેમા ફોરીન એક્સ્ચેન્જના નિયમોનો ભંગ કરવામાં આવ્યો હતો. નોન-બેક્કિંગ ફાઇનાન્સિયલ કંપની (એનબીએફસી) પીસી ફાઇનાન્સિયલ સર્વિસિસ પ્રાઇવેટ લિમિટેડ અને તેનો કારોબાર મોબાઈલ એપ્લિકેશન કેશબીન દ્વારા ઈન્સ્ટન્ટ પર્સનલ માઇક્રો લોન્સ પૂરી પાડે છે. તેમા વિદેશી નાણાના શંકાસ્પદ રોકાણની સંભાવના છે.

## તંત્રી સ્થાનેથી...

# અનુભવી અને ઠરેલ નેતાઓ સિવાય કોંગ્રેસને કોણ દોડતી કરી શકે તેમ છે.....?

દેશમાં જૂનામાં જૂનો પક્ષ એટલે કોંગ્રેસ પક્ષ કે જે દેશમાં સત્તા સ્થાને બિરાજમાન થયા પછી સરકારી એક પણ પૈસો લીધા સિવાય પગાર કે ખર્ચ લીધા સિવાય તેના ચૂંટાયેલ નેતાઓ ગ્રામ પંચાયતથી લઈને લોકસભા, રાજયસભામા નિસ્વાર્થ પણે સેવા આપતા હતા. અંગ્રેજોએ ભારત છોડ્યું ત્યારે ભારતમાં દરેક ગામડા શહેર રાજ્યોને જોડતા રોડ- રસ્તા ન હતા કે ન તો દેશના વિકાસ માટેના જાહેર સાહસો કે અન્ય સુવિધાઓ હતી અને જે તે સમયના કોંગ્રેસ નેતાઓએ માત્ર ને માત્ર દેશના વિકાસ માટેના કાર્યો તરફ ધ્યાન આપી સમગ્ર દેશના ગ્રામ્ય, જિલ્લા,નાના- મોટા શહેરો અને રાજ્યોને રોડ- રસ્તાથી જોડી દીધા તે સાથે આમ પ્રજાના નાણાનો ઉપયોગ રોજગારી આપતા જાહેર સાહસો ઉભા કરવામાં કર્યો... પરિણામે દેશમાં અનેક સુવિધા અને ચીજ-વસ્તુઓ મળવા લાગી છે કારણે વિદેશી વસ્તુઓ પર આધાર રાખવો ન પડે. લોકોના સ્વાસ્થ્ય માટે સરકારી હોસ્પિટલો, દવાખાના વગેરે ગ્રામ્ય સ્તર સુધીની સુવિધાઓ ઊભી કરી. તેમજ કોઈપણ શિક્ષણથી વંચિત ન રહે તે માટે ગ્રામ્યસ્તરથી લઈ નાના-મોટા શહેરોમાં સરકારી શાળાઓ, કોલેજો વગેરે નિર્મિત કરી અને આમ પ્રજાને તેનો લાભ મળ્યો... તેમ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ અને રાજકીય પંડિતોનું કહેવું છે તેઓની ચર્ચા અનુસાર આજે દેશભરમાં ચૂંટાયેલા કોઈપણ પક્ષના નેતાને તગડા પગાર ભથ્થા સહિત સરકારી ખર્ચે તમામ સુવિધા- સગવડો મળી રહી છે. જ્યારે કે અગાઉની જેમ આજના ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓ પ્રજા વચ્ચે રહેતા નથી કે જતા નથી કોઈ કોઈ અપવાદ હોઈ શકે.... પરિણામે પ્રજા અને પક્ષો વચ્ચે એક મોટી તિરાડ પડી જવા પામી છે, અને મોટા ભાગની પ્રજા પક્ષ અને નેતાઓને નફરત કરવા લાગી છે....! પરંતુ પક્ષના મોવડીઓ આ માટે વિચારતા નથી કે આવું કેમ.....? પ્રજા પોતાના પક્ષથી દૂર કેમ ભાગે છે.... કે પક્ષ કેમ છોડી રહ્યા છે....? જો કે બે ચાર પક્ષના વડા પોતાના પક્ષના ચૂંટાયેલા પ્રતિનિધિઓને આમ પ્રજા વચ્ચે જવાનુ કહે છે કે કોઈ કાર્યક્રમને બહાને પ્રજાની વચ્ચે જવાનું ગોઠવે છે પરંતુ આ બધું થોડા દિવસ ચાલે છે પછી....પાછા હતા ત્યાંના ત્યાં.... જ્યારે હવે દેશના તમામ રાજકીય પક્ષોને વિચારવાનો સમય આવી ગયો છે કે લોકો પોતાના પક્ષથી દૂર શા કારણ ભાગે છે.....? ચૂંટાયેલા નાના-મોટા નેતાઓને પ્રજા વચ્ચે રહે, પ્રજાનો સંપર્ક જાળવી રાખે તે માટેનું કાયમી આયોજન ગોઠવે જેથી આમપ્રજા તેમના પર વિશ્વાસ મૂકે અને નફરત ના કરે....!

કોંગ્રેસ પક્ષના વરિષ્ઠો તેમજ ધૂરંધર વિવિધ નેતાઓના વિવિધ નિવેદનો અનુસાર તથા રાજકીય પંડિતોમાં ચાલતી ચર્ચા અનુસાર અત્યારે દેશમાં કોંગ્રેસની સ્થિતિ બગડતી જઈ રહી છે તેના કારણો શું... કોંગ્રેસને પોતાના જ ફટકા મારી રહ્યા છે પરિણામે પ્રજા નફરત કરવા લાગી છે...તેના કારણો શું તે બાબત કોંગ્રેસ મોવડીઓ વિચારતા નથી....! કોંગ્રેસના ધુરંધર ગણાતા ૨૩ નેતાઓને સાઈન લાઈન કરી દીધા બાદ કોંગ્રેસની વર્ષો જૂની ઈમારત ખંડેર બનવા જવા તરફ જઈ રહી છે અને કાર્યકરો જે-તે રાજયોના નેતાઓની નીતિ-રિતીથી કંટાળી પક્ષ છોડી ગયા તો ચૂંટાયેલા કેટલાક જન પ્રતીનિધિઓ પોતાના સ્વાર્થને કારણે તથા કેટલાક નેતાઓ પોતાના ભવિષ્યને લઈને પક્ષ છોડી અન્ય પક્ષમાં જતા રહ્યા છે. કોંગ્રેસમાં અત્યારે રાષ્ટ્રીય પ્રમુખ પદે કોઇ ચૂંટાયેલા પ્રમુખ નથી અને પદ વગરના નેતાઓ એવા નિર્ણયો કરવા લાગ્યા છે કે પંજાબ, રાજસ્થાન, ઉત્તરાખંડ વગેરે રાજ્યોમાં કોંગ્રેસમાં ભડકો થયો છે... જે ભડકાને ઠારવા વાળા કોઈ ઠરેલ સમજદાર નેતાઓ નથી....! જ્યારે કે સાઇડલાઇન કરેલા નેતાગણની કોઈ સલાહ લેવામાં આવતી નથી અને તેમાં અહમ ટકરાયો હોઈ શકે....! પરંતુ વર્કિંગ કમિટીની મીટિંગ થતી નથી કે કરવા દેવાતી નથી અને કોઈને પૂછ્યા વગર નિર્ણય લેવાઈ જાય છે....! નિર્ણયો લેતા પહેલા તેના પરિણામ કેવા આવશે તે વિચારતા નથી.... પરિણામે જે નિર્ણયો લેવાયા તેમાં કોંગ્રેસની હાલત ×સાપે છછૂંદર ગળ્યા જેવી થઇ છે×. કોંગ્રેસને બેઠી કરવા- દોડતી કરવા પરિવારનુ મહત્વ ભૂલીને વર્કિંગ કમિટીએ નિર્ણય કરવાનો સમય પાકી ગયો છે, તો સાઇડ લાઇન કરેલા ધૂરંધર નેતાઓ સહિત તમામ જૂના કોંગ્રેસી જનોને માનભેર આવકારવાની જરૂર છે અને તેઓની સલાહ લેવી પણ જરૂરી છે. તો જ કોંગ્રેસ બેઠી થવા સાથે પુનઃ દોડતી થઈ શકે છે. બાકી ઊંડું રાજકીય જ્ઞાન ન હોય તેવા નેતા ન ચાલે તે સમજવાની કોંગ્રેસના નેતાઓને માટે અતિ જરૂરી છે.....!! ?

વંદે માતરમ્

# રાષ્ટ્રસેવા સમિતિ સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા ભારતના પુનઃનિર્માણમાં મહિલાઓનું યોગદાન વિષય પર વંદનીય શાંતાઆક્કાજીનું વ્યાખ્યાન યોજાયું

રાષ્ટ્ર સેવિકા સમિતિ સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા તા .૨૬ સપ્ટેમ્બર ના રોજ આત્મીય કોલેજના ઓડીટોરીયમમાં આઝાદીના અમૃત મહોત્સવ નિમિતે ×ભારતના પુનઃ નિર્માણમાં મહિલાઓનું યોગદાન× વિષય પર કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમમાં રાષ્ટ્ર સેવિકા સમિતિના અધ્યક્ષા તેમજ મુખ્ય વકતા પરમ વંદનીય પ્રમુખ સંચાલીકા માનનીય શાંતાઆક્કાજીએ ઉપસ્થિત રહી વિષયને અનુરૂપ માર્ગદર્શન આપેલ હતું.

રાષ્ટ્ર સેવિકા સમિતિ વિશ્વનું સૌથી મોટું સ્વૈચ્છિક અને નિસ્વાર્થ ભાવે કામ કરતું બહેનોનું સંગઠન છે. આ સંગઠનના પ્રમુખ સંચાલિકા વંદનીય શાંતાઆક્કા નું હદય પ્રેરક પ્રવચન રાજકોટની આત્મિય કોલેજમાં યોજાઈ ગયું, જેમાં બહોળી સંખ્યામાં સૌરાષ્ટ્ર-કચ્છના બહેનો ઉપસ્થિત હતા. પ્રેરણાદાયી વકતવ્ય માં તેણે રાષ્ટ્રપ્રેમ તથા સમાજની વ્યક્તિ વ્યક્તિ પ્રત્યે આત્મિયતાનો ભાવ નિર્માણ કરી બહેનોનું સંગઠન નિર્માણ કરવા ઉપર ભાર મૂક્યો વિદેશી ગુલામીની માનસિકતા છોડીને રાષ્ટ્રને પરમ વૈભવ શાળી બનાવવા મહિલાઓ ઘણું મોટું યોગદાન આપી શકે એવી પ્રબળ રાષ્ટ્રભક્ત નારી શક્તિનું નિર્માણ કરવા માટે રાષ્ટ્ર સેવિકા સમિતિ કાર્યરત છે. સમિતિની શાખાઓમાં રાષ્ટ્રભક્તિ, સંસ્કૃતિ પ્રત્યે આદર તથા સમાજની વિષમતાને દૂર કરી સમરસતા નિર્માણ કરવાનું કામ ચાલી રહ્યું છે ભારતના ઈતિહાસમાંથી પ્રેરણા મેળવીને તથા સમાજ માટે ઘસાઈ છૂટવાની ભાવના રાખીને રાષ્ટ્ર નિર્માણ ના કાર્યમાં મહિલાઓના યોગદાન વિષે વંદનીય શાંતાઆક્કાજીએ ઉદાહરણો સહિત મનનીય ઉદબોધન કર્યું હતું.

રાષ્ટ્ર જયારે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યું છે, ત્યારે શહીદોનાં બલિદાનો માંથી પ્રેરણા લઈને રાષ્ટ્ર માટે નિરંતર કામ કરવાની આવશ્યકતા છે આજે દેશ માટે મરવાને બદલે દેશ માટે જીવવાની ખાસ આવશ્યકતા છે. સંસ્કૃતિ ધર્મ તથા આત્મીયતા ના સંસ્કારો સમાજ ને બળ પુરૂ પાડશે અને આવતી કાલનું ભારત પરમ વૈભવને પ્રાપ્ત કરે, તે માટે રાષ્ટ્ર સેવિકા સમિતિ રાષ્ટ્રીય ચેતના જગાડવાનું ભગીરથ કાર્ય કરી રહ્યું છે. તેમાં ભારતની મહિલાઓ મોટા પ્રમાણમાં જોડાઈને આ કાર્યને ગતિ આપે તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

મુખ્ય મહેમાન તરીકે આત્મીય યુનિ.ના ભકિત આશ્રમના પૂ. સુબોધબેન ઉપસ્થિત રહયાં હતા આત્મીય યુનિવર્સિટીના પુ. શ્રી. સ્વસ્તિકબેન એ પ્રેરણાદાયી ઉદબોધન કરેલ. ઉદબોધન માં તેમણે મહારાણી લક્ષ્મીબાઈ, અહલ્યાબાઈ, જીજાબાઈ, જેવી મહાન રાષ્ટ્રભક્ત મહિલાઓના ઉદાહરણો આપી. રાષ્ટ્રભક્ત , નીડર, પરાક્રમી મહિલાઓનું ઘડતર જ ભારતવર્ષને મહાન અને વિશ્વગુરુ ભારતના નિર્માણ માં યોગદાન આપી શકે તેવું આહવાન કર્યું હતું. અતિથી વિશેષ તરીકે ડો . અમીબેન મહેતાએ બહેનો શ્રેષ્ઠસંતતિના નિર્માણ માટે મહિલાઓને આગળ આવવા અપીલ કરી હતી.

કાર્યક્રમનું દિપ પ્રાગટય પ્રમુખ સંચાલીકા વંદનીય શાંતાઆક્કા તેમજ મહેમાનો દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની ભૂમિકા ડો . આરતીબેન ઓઝાએ આપેલ મહેમાનોનું શબ્દોથી સ્વાગત અને પરીચય કાંતાબેન કથીરિયાએ કરાવેલ.

# ગુજરાત અને પંજાબ બની ચૂંટણીઓ કોંગ્રેસ અને ભાજપ માટે ખુબ મહત્વની સાબતિ થશે!

બુદ્ધદેવ પંડ્યા MBE ય કે ૨,સપટેમ્બર ૨૦૨૧ Thought of The Day

છેલ્લા ત્રણચાર મહિનાથી ગુજરાત અને પંજાબ જેવા રાજ્યોમાં રાજકીય વાતાવરણ ગરમ થાવ માંડ્યું છે. આજે સવારે મારા એક જુના મત્રિે મને મારા ગામના સમાચાર નું એક છાપાનું કટગિ મોકલાવ્યું! તેમાં લખ્યું હતું કે હવે ગામમાં ગેસ ની પાઈપલાઈન નખાશે અને લોકોને રાહત રહેશે. મોડું થવાનું કારણ કોવિદ અને વરસાદ બતાવાયો હતો. મેં ફોન ઉઠાવ્યો પૂછ્યું કે ભાઈ, ૨૦ વર્ષ તો ગુજરાત અને સાત વર્ષોથી દેશમાં ભાજપની સરકાર હતી, આજે આટલી અચાનક ખુશી કેમ? જવાબ મળ્યો કે ચૂંટણી આવે છે એટલે કોઈકતો આશા આપવી પડે ને? ખરેખર સાચી વાત કરી.

ગુજરાતમાં રૂપણીભાઈની અચાનક રાતોરાત પથારી ફેરવાઈ ગઈ. સાથે સાથે બચિારા નીતનિભાઈ ને સી એમ બનાવની આશા ઉપર પાણી ફરી વળ્યું. પણ બંને ને મુંગે મોઢે મનમાં રાંડીએ ને રડી લેવા જેવી પડે તેવી સ્થતિ હતી. સાચી વાત તો તેમને જ ખબર હશે પણ નાગપુર થી ફાયનલ સંદેશો આવે તો કોઈની હમિત નથી ચાલતી.

ગુજરાતી પત્રકારો ગેલમાં આવીગયા, હે...જુવો મોદીનો માસ્ટર સ્ટ્રોક....મોદી હૈ તો મુમકીન હૈ ..ગયા રૃપાણીજી... ના ઉત્સવમાં એ ભૂલી ગયા કે આ માસ્તર મારે પણ નહિ અને ભણાવે પણ નહિ જેવા કટપુતલી સમાન નેતાઓને રાજ્ય ચાલવા મુકાય હતા, કે જેથી દલ્હિીથી પૂરો કંટ્રોલ કરાય એવી ભાજપની સ્થતિ છે. કેટલાક તો એમ કેહવા મંડ્યા કે આખાય દેશમાં પ્રથમવાર કોઈ રાજ્યમાં જોવા નથી મળ્યું કે આખું પ્રધાન મંડળ જ બદલી નાખ્યું હોઈ. વાહ ..વાહ ..પણ હશે ભાઈ, પણ કેટલાક સમજદાર અને જવાબદાર પત્રકારોએ પણ હીમ્મ્ત કરી કહ્યું કે જો આખું માંડલ જ એક ખોખલું હતું તો છેલ્લા ચાર વર્ષો સુધી ગુજરાતને નુકશાનીમાં કેમ ચલાવવા દીધું?

હકીકતમાં રાજકારણમાં ચૂંટણી પાસે આવતાં જ્ઞાન આવે છે કે પાણી હવે માથા સુધી પોહચી ગયું છે અને પૂર આવે ત્યારે પણ બાંધવા જેવી સ્થતિમિાં કોઈને હોળીનું નાળચિેર બનવી માથે છાણા સ્થાપી દેવાય જેથી લોકોના રોષને માંગને કરી શકાય. જોકે આપણાં માંથી કોઈ પણ આવી શાહુકાર છોડે તેવો પાક્યો નથી, હા જો સંજોગ આવે તો ? મનમોહન સહિ એટલે તો કેહતા હતા કે રાજકારણમાં કોઈ કોઈનું મત્રિ ને દુશ્મન હોતું નથી અને સ્વાર્થમાટે પાટલી બદલાતા વાર નથી લાગતી. આ સત્તા અને ખુરસીનો ખેલ છે જે રાજાઓ પણ રમતા હતા અને ધાર્મકિ ગ્રથોમાં વાંચો તો સંતો અને દેવ દેવતા ઓ પણ. આજ રમતો રમતા દેખાશે! આપણે તો આજ હવે કળયુગની શરૂઆત થતી હોય તેના તો ફક્ત માનવી જ છીએ.

હજુ ભાજપના સેવકો 'કગિ ઇસ ડેડ અને લોન્ગ લવિ થઇ કગિ' - એક અંગ્રેજી જુમલો છે, તેની ઊજવણી શ્રી ભુપેન્દ્ર ભાઈ ની મોદીજીએ એક ઐતહિાસકિ અને નીડર નેતા જેવી હમિત બતાવી છે તેનો નશો ઉતર્યોપણ નથી તે પેહલા પંજાબમાં કોંગ્રેસને માટે ઉકળતો ચારુ પાર્ટીના હાથમાંથી દુનયિાની આંખ સામે જ બહાર આવી પડ્યો.

જેમ નીતનિભાઈ એક પટેલ કોમના છાંયડા નીચ બેસી રૃપાણીજીના મૂળ ખોદવાની પ્રવૃત્તમિાં ભૂલી ગયા કે ઘર ફૂટે ઘર જાય છે. અહીં કોંગ્રેસમાં પણ નવજ્યોત સીધું એ પણ કેપ્ટન અમ્રતિ સીંગ ની સામેની ગડમથલ બંનેને ભારે પડી.ભાજપ માં મોદી પાસે સંઘ પરવિાર એ એક મોટું હથયિાર છે. જેનાથી કોઈ મોદી વરિદ્ધિ રેખાનું ઊલ્લંગન કરવાની હમિત કરી જ ના શકે.

આમે ભાજપમાં ના શક્ષિા અને ટ્રૈનીં થયેલા સેવકો પ્રચારકોની સામે આંખ ઉંચી કર શકતા નથી. પણ કોન્ગ્રેસ પાસે કોઈ એવું હથયિાર નથી. નહેરુ કુટુંબ ના દરેક વ્યક્તઓિને પોતાની લઢાઈ કરવી પડી હતી. ઇન્દરિા ગાંધીએ પણ કોંગ્રેસ સાથે છેડો ફાડી છેવટે પોતાની કોંગ્રેસ ઉભી કરવી પડી હતી. ભાજપ આ કોઈને બતાવશે નહિ માટે વારસાગત કોંગ્રેસ ની નેતાગીરી હતી તે એક રાજકીય ફૂગ્ગો છે બાકી નેહરુએ ઈન્દીરાને કે ઇન્દરિા એ રાજીવ ગાંધી ને કોઈ સત્તા કે મંત્રી પદ આપ્યું ન હતું.

જુના કગ્રિેસીઓ જ્યોતીન્દ્ર સંધિયિા અને બહુગુણા બંને રાજકીય કુટુંબો માં ઉછરેલા, જેવા ભાજપમાં જોડાતા લાગે છે કે અતયિારે સોનયિા ગાંધીને પણ આંતરકિ સત્તા ની બાથમબાથી નો સામનો કરવો પડતો લાગે છે.

ફક્ત ભાજપા સંઘ પરવિાર અને પાળેલા મીડયિા ને લીધે આંતરકિ કલેશ હજુ બહાર જલ્દી આવી શક્તો નથી. ગુજરાતમાં અને બીજા રાજ્યોમાં અને સેન્ટર કક્ષા પર કકળાટ આને લીધે ઢંકાઈ જાય છે. પંજાબ અને ગુજરાત બંને ચૂંટણી કોંગ્રેસ અને ભાજપ બંને માટે ખુબજ અગત્યની છે.

મીડયિા માં રાહુલ ગાંધી અને સાથેસાથે બહેન પ્રયિંકા ને પંજાબ ના નર્ણિય માટે મળગુગડો જશ આપવાની કોશશિ કરાઈ છે. તેની પાછળ કોંગ્રેસ માં ફૂટ પડે તેને જોર અપાવતું લાગે છે. પણ જે મીડયિા ગુજરાતમાં મોદી નો માસ્ટર સ્ટ્રોક ગણાવતા થાકતા નથી તે પંજાબમાં થયેલ ફેરબદલી માં મીંઠું મરચું નાખી કોંગ્રેસમાં આંતરકિ કકળાટ અને અવ્યવસ્થા છે એમ બતાવવા પ્રયત્ન કરવામાં પડ્યા લાગે છે.

ઘણા પત્રકારીનો આશા છે કે કેપટન ભાજપમાં જોડાઈ જશે અને સીધું મહારાજ પણ દબાવ રાખી કોંગ્રેસ ને હંફાવવામાં ઓછું નહિ જ કરે? પણ આ બધું તો રાજકારણ ઉપર ફક્ત સમય જ બળવાન હૉય છે. ગુજરાત અને પંજાબમાં જો આમ જોવા જાવ તો આમ આદમી પક્ષ કોંગ્રેસના વધારે વોટ તોડશે એવી એંધાણી છે. ખેડૂત આંદોલનની અસર પંજાબમાં ખુબજ રેહવાની અને મોદી સરકાર આવતાં નેશનલ જનરલ ચુનાવ પેહલા એક મોટી માયા જાળ અને લોલી પોપ્સ નાખી ટ્રમ્પ કાર્ડ રમવું પડશે. તો જ ખેડૂતોના વોટ તુટસે તેમ લાગે છે.

પંજાબ અને ગુજરાતમાં રાજકીય ઉથલ પાથલ ના દાવ તો લગભગ સરખાજ લાગેછે. પણ ભાજપ ને બીજા રાજ્યોમાં પણ સી એમ બાળવા પડ્યા છે. તો પણ ભારતના પત્રકારોને આ મસ્ટર સ્ટ્રોક લાગે છે અને જનતા નો ફાયડો ગણાવી ઐતહિાસકિ અને નીડર નર્ણિય કહેવડાવે છે અને આ બાજુ કોંગ્રેસ્સ ને જાણે આંતરકિ ઝગડા અને બીજા કઈ કઈ નામો આપી પ્રચાર કરાય છે.

હકીકતમાં પંજાબમાં એમ લાગે છે કે કોંગ્રેસ ના પાયા વધારે મજબૂત થતા જાય છે અને ગુજરાતમાં ભાજપને વધતી બેકારી, જીવન જરૂરીયાત વસ્તુઓના ભાવ અને ૨૦ વર્ષોથી ઉપર સત્તામાં હોવા છતાં આજે ધંધા વેપાર ચોપટ થતા ગુસ્સો વધતો જાય છે. કોંગ્રેસ માં કાન્હાયા કુમાર આવતાં એક નવી ઉર્જા આવશે, જો તેને ચૂંટણી પેહલા જેલમાં નાખ્યા નહિ તો કોઈ નવાઈ ની વાત નથી ? છતાં એંગ્રેજીમાં એક કેહવત છે કે વેઈટ અન્ટલિ ફેટ લેડી સીંગ. અહીં ફેટ લેડી એટલે વોટરો ગણાય છે!

## સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહઃ ક્રૂડ તેલમાં ઘટાડો

# બુલડેક્સ ફ્યુચર્સમાં ૬૧ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૨૦૫ પોઈન્ટની મૂવમેન્ટઃ સીપીઓ, મેન્થા તેલમાં નરમાઈ: કોટન, રબરમાં વૃદ્ધિઃ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૨,૦૨૨ કરોડનું નોશનલ ટર્નઓવર

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૨૮,૬૦૪ સોદાઓમાં કુલ રૂ.૧૦,૦૭૫.૦૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ઓક્ટોબર વાયદામાં ૬૧ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ઓક્ટોબર વાયદામાં ૨૦૫ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૫૨,૮૪૭ સોદાઓમાં કુલ રૂ.૨,૫૧૮.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૬,૨૯૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૬,૨૯૫ અને નીચામાં રૂ.૪૬,૧૫૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦૭ ઘટી રૂ.૪૬,૨૧૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૯ ઘટી રૂ.૩૭,૩૬૦ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫ ઘટી રૂ.૪,૬૩૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬,૩૦૩ના ભાવે ખૂલી, રૂ.૮ ઘટી રૂ.૪૬,૨૧૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૯,૬૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૮૫૭ અને નીચામાં રૂ.૫૯,૩૨૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૨ વધી રૂ.૫૯,૬૩૯ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૫ વધી રૂ.૫૯,૮૮૮ અને ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨૨ વધી રૂ.૫૯,૮૮૩ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧૧,૯૪૪ સોદાઓમાં રૂ.૨,૧૩૬.૩૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૩૦ વધી રૂ.૨૨૯.૪૫ અને જસત ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૧.૬૦ વધી રૂ.૨૫૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૬.૫૫ વધી રૂ.૭૦૪.૩૫ અને નિકલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૫.૪ ઘટી રૂ.૧,૩૭૯.૧૦ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૧.૫૦ વધી રૂ.૧૮૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૩૩,૮૮૬ સોદાઓમાં કુલ રૂ.૨,૯૯૭.૨૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૫૬૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૫૮૭ અને નીચામાં રૂ.૫,૫૧૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૩૧ ઘટી રૂ.૫,૫૪૦ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૩૦ વધી રૂ.૪૩૨.૧૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧,૯૭૯ સોદાઓમાં રૂ.૨૮૭.૦૩ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રાની શરૂઆતમાં રૂ.૧,૫૧૬ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.૧,૫૧૬ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર ઓક્ટોબર વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૮૭૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭,૧૦૦ અને નીચામાં રૂ.૧૬,૮૭૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬૭ વધી રૂ.૧૭,૦૪૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૩૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૩૬.૯૦ અને નીચામાં રૂ.૧૧૧૮.૧૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩.૭૦ ઘટી રૂ.૧૧૨૩.૭૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૬૦ ઘટી રૂ.૯૨૨.૭૦ અને કોટન ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૨૬૦ વધી રૂ.૨૮,૪૦૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૮,૭૩૦ સોદાઓમાં રૂ.૧,૨૪૨.૯૨ કરોડનાં ૨,૬૭૭.૨૮૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૪,૧૧૭ સોદાઓમાં કુલ રૂ.૧,૨૭૬.૦૪ કરોડનાં ૨૧૩.૪૬૧ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૨૨૬.૯૫ કરોડનાં ૯,૯૫૫ ટન, જસતના વાયદાઓમાં રૂ.૨૦૮.૨૫ કરોડનાં ૮,૨૬૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૯૭૬.૭૪ કરોડનાં ૧૩,૯૭૨.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૬૩૮.૮૬ કરોડનાં ૪,૬૪૭૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૮૫.૫૮ કરોડનાં ૪,૭૨૦ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૩,૩૧૮ સોદાઓમાં રૂ.૧,૦૬૦.૯૦ કરોડનાં ૧૯,૧૩,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૦,૫૬૮ સોદાઓમાં રૂ.૧,૯૩૬.૩૧ કરોડનાં ૪,૪૧,૦૬,૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૧ સોદાઓમાં રૂ.૦.૦૩ કરોડનાં ૪ ટન અને કોટનના વાયદાઓમાં ૫૬૯ સોદાઓમાં રૂ.૪૮.૭૩ કરોડનાં ૧૭૩૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૧૧૩ સોદાઓમાં રૂ.૪.૪૦ કરોડનાં ૪૭.૫૨ ટન, રબરના વાયદાઓમાં ૩૨ સોદાઓમાં રૂ.૦.૫૯ કરોડનાં ૩૫ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧,૨૬૪ સોદાઓમાં રૂ.૨૩૩.૨૮ કરોડનાં ૨૦,૭૪૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રાનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૨૬૬.૬૮૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૨૪.૯૦૬ ટન, એલ્યુમિનિયમમાં ૧૧,૦૦૦ ટન, જસત વાયદામાં ૬,૯૯૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૨,૩૨૫૦ ટન, નિકલ વાયદામાં ૩,૯૨૭૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૫,૭૪૫ ટન, ક્રૂડ તેલમાં ૭,૭૬,૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૧૩,૬૨,૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૭૨ ટન, કોટનમાં ૭૯૫૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૬૯.૪૪ ટન, રબરમાં ૭૮ ટન, સીપીઓમાં ૫૮,૭૯૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૩૮૪ સોદાઓમાં રૂ.૧૧૩.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૪૮૭ સોદાઓમાં રૂ.૩૫.૨૨ કરોડનાં ૫૧૨ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૮૯૭ સોદાઓમાં રૂ.૭૮.૨૪ કરોડનાં ૯૯૬ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૨,૧૮૮ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૧૫૪ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૩,૭૭૩ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૩,૭૮૯ અને નીચામાં ૧૩,૭૨૮ના સ્તરને સ્પર્શી, ૬૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૮ પોઈન્ટ ઘટી ૧૩,૭૪૦ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૫,૭૦૦ના સ્તરે ખૂલી, ૨૦૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૬૪ પોઈન્ટ વધી ૧૫,૭૯૫ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૨૬,૫૬૪ સોદાઓમાં રૂ.૨,૦૨૨.૦૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૯.૨૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૮.૩૯ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૯૨૩.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

# રાજ્યમાં તલાટી કમ મંત્રી માસ સીએલ પર અને VCE કરાર આધારિત કર્મચારીઓએ ઓનલાઇન કામગીરીનો બહિષ્કાર કર્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

તલાટી મંત્રી સંવર્ગના પડતર પ્રશ્નો અંગે રજુઆત પછી રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૧૮માં આપેલ બાંહેધરીનું સતત ૩ વર્ષની રજૂઆત પછી પણ ઉકેલ ન આવતાં રાજ્ય મહામંડળના આદેશ અનુસાર અરવલ્લી જીલ્લા સહીત સમગ્ર રાજ્યમાં તલાટી કમ મંત્રી માસ સીએલ પર ઉતરી કામગીરીનો બહિસ્કાર કર્યો હતો

મોડાસા તાલુકામાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીઓએ બેનર સાથે ધરણા યોજી આજથી તમામ પ્રકારની ઓનલાઈન કામગીરી તથા મહેસુલી કામગીરીનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે ત્યારે પંચાયતની તમામ કામગીરી ઠપ્પ થઈ જવાની દહેશત ઉભી થઇ છે રાજ્ય સરકાર સામે રાજ્યભરના તલાટી કમ મંત્રીઓએ રણસીગુ ફુક્યું છે અને ન્યાય એજ વિકલ્પનો નિર્ણય લીધો છે.ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક મંડળ દ્વારા છેલ્લા કેટલાય સમયથી પોતાની પડતર માંગણીઓને લઈ સરકારમાં વારંવાર રજુઆતો કરી છે કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા ઉમેદવારો અનેક વિશેષ કામગીરી કરી રહ્યા છે અને છતાં પણ તેમનું આર્થિક શોષણ કરવામાં આવી રહ્યું છે અને તદ્દન હંગામી ધોરણે ફરજ બજાવી રહ્યા છે. આવા ઓપરેટરોને કાયમી ધોરણે નિમણુક આપવામાં આવે અને સરકારી ધાર-ધોરણે મુજબ મળવાપાત્ર લાભ આપવામાં આવે તેવી માંગણી વર્ષોથી કરતા આવ્યા છે તેમા છતાં તેમની માંગણીઓને નજર અંદાજ કરવામાં આવતા વીસીઇ કર્મચારીઓએ આંદોલનનું શસ્ત્ર ઉગામી તમામ ઈ-ગ્રામ કેન્દ્રોની કામગીરી બંધ રાખી ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કર્યો હતો.ગ્રામ્ય વિસ્તારોમાં તલાટી કમ મંત્રીઓ માસ સીએલ પર ઉતરતા અને ગ્રામ પંચાયતમ ઇગ્રામ કેન્દ્ર પર ફરજ બજાવતા કરાર આધારીત વીસીઇ કર્મીઓ ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કરતા ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને ભારે હાલાકીનો સમાનો કરવો પડ્યો હતો

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની છ રચનાઓ

વિષય :." શબ્દાર્થ " શબ્દ ની અનંત યાત્રા..શબ્દ વિષયક રચનાઓ(૦૨-૧૦-૨૦૨૧) દિવસ - ૪

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

**NOG SS NO : 105**

વિષય : શબ્દ
વિભાગ : પદ્ય
શીર્ષક : શબ્દની માયા

શબ્દ કરે મહાભારતનું સર્જન
શબ્દ કરે સંબંધોનું વિસર્જન
શબ્દ આપે છે દિલના ભાવોને વાચા
શબ્દની છે મનમોહક ભાષા
શબ્દ જ કરે છે આ મન પર વાર
શબ્દ જ કરે મલમ બની દિલનો ઉપચાર
શબ્દ જ છે તુજ સંસ્કારોનો શણગાર
શબ્દથી જ બને છે એક સંત અણગાર
શબ્દથી થાય પ્રભુ કેરી ભક્તિ
શબ્દોમાં રહેલી છે અઢળક શક્તિ
શબ્દ જ કરે અહંકારનું પ્રદર્શન
શબ્દ જ કરાવે વિવેકતાનું દર્શન
સમજી ગયા તમે શબ્દ તણા ઉપયોગનો સાર
તરી ગયા તમે આ માનવભવ પાર

અલ્પા શાહ.મુંબઈ - મલાડ

---

**NOG SS No : 0077**

વિભાગ:પદ્ય
વિષય:શબ્દાર્થ/શબ્દ એક કથા/શબ્દો થકી સાહિત્ય યાત્રા
શીર્ષક:શબ્દ બ્રહ્મ

શબ્દ જ બને ભ્રંમ તો ક્યારેય
શબ્દ જ બને પરબ્રહ્મ ...!
શબ્દ જ બને લાગણીઓનો સેતુ ,
તો ક્યારેક
શબ્દ જ જાળવી રાખે જીવનનો હેતુ..!
શબ્દ જગાવે
સુક્ષ્મ સંવેદના ,
તો ક્યારેય
શબ્દ જણાવે
વણકહી વેદના..!
શબ્દ સર્જે ઘેરાયેલાં વાદળ,
તો ક્યારેક
શબ્દ જ સળગાવે દાવાનળ..!
શબ્દ જ શ્વસે
બની શ્વાસ,
તો ક્યારેક
શબ્દ જ નાંખે
ક્યાંક ઊંડો નિઃશ્વાસ...!
શબ્દ છતી કરી તમારી પ્રકૃતિ,
તો ક્યારેક
શબ્દથી જ બને
તમારી પ્રતિકૃતિ..!
શબ્દથી કરાય છલના,
તો ક્યારેક
શબ્દથી લલચાય રૂપલલના..!
શબ્દ અર્પે આલિંગન
તો ક્યારેક
શબ્દથી જ
મળતું ઘણાંયને ઈંજન..!
શબ્દથી જ સરતા ઘણાં અર્થ,
તો ક્યારેક
શબ્દથી જ સર્જાતાં અનર્થ...!
શબ્દ એક
આખે આખો
જીવીત કોશ,
તો ક્યારેક
શબ્દ મરેલાંને અપાવતો હોશ...!
શબ્દથી રચાતી
આખી સૃષ્ટિ,
તો ક્યારેક
શબ્દોનો અતિરેક
લાવતો અતિવૃષ્ટિ...!
શબ્દ સમગ્ર બ્રહ્માંડની ચેતના,
તો ક્યારેક
શબ્દ સમગ્ર
માનવ અસ્તિત્વની
નિહારીક કેતના..!
શબ્દનો ના પામી શક્યું હજી સુધી કોઈ પાર ,
તો ક્યારેક
શબ્દ એ ઉપાસનાની
અસીમ શક્તિનો
અમાપ ઉભાર..!
શબ્દ પોષણ કરતો બની વિશ્વંભર,
તો ક્યારેક
શબ્દ જ તડપાવતો બનીને સાવ નીભર..!

ઋતંભરા વિશ્વજીત ,ઋત્વિશ્વ

---

**NOG:SS:NO.:0101**

વિષય: શબ્દો/શબ્દો થકી સાહિત્ય..
વિભાગ: પદ્ય (અછંદાસ)
શીર્ષક: શબ્દની ભીનાશ

શબ્દ છે ખૂબસૂરત કાવ્ય
નવરસના નવરંગમાં છલકે
અક્ષરો સરતા જાય નદીના
વહેણમાં પહોંચે પ્રિયાને કાંઠે
કોતરે નામ તેનું રેતીના પટ પર
મોજું હાથ બની તેના પર પ્રસરે
તેની ભીનાશ અંતરને સ્પર્શે
બંધ પાંપણ પલળતી રહે
ઉરના ધબકારા મૌનની વાણી બને
મારી મંઝિલ ક્યાં છે સમજાય મને.

( રચના : ભરત સાંગાણી )

---

**NOG SS NO.: 0059.**

વિષય,શબ્દ: શબ્દાર્થ.
પ્રકાર: ગદ્ય.
શબ્દો: ૩૪૦
શીર્ષક: 'શબ્દોની જાદુઈ માયાજાળ '.

'શબ્દોની જાદુઈ માયાજાળ',
શબ્દ વાંચતાંજ આપ ચોંકી
ગયાને !

આપણી સમજ પ્રમાણે જાદુ, ફક્ત જીવંત વ્યકિત જ કરી શકે છે, જે વાત તદન ખોટી છે.
ગુજરાતી અક્ષરો તેમ જ શબ્દો પણ જાદુઈ છે , ચારે' ચાલો, આજે આપને હું 'શબ્દોનાં જુદા જુદા ભાવાર્થ સાથે તેની માયાજાળનો જાદુ બતાવું.
. શબ્દની અકલ્પનીય તાકાતનો અણસાર બતાવું, સાથે તેનો અર્થ પણ જણાવું.
જાદુ એટલે કંઈક વિશેષ!
આપણી ધારણા કરતાં કાંઈક અણધાર્યું ,બરાબરને આપણી માતૃભાષા ગુજરાતીનાં
દરેક અક્ષરો સાથે નાના અનુસ્વરો પણ શબ્દ જેટલાં જ તાકાતવર છે,અને અર્થ નો અનર્થ કરવાની અકલ્પનિય તાકાત ધરાવેછે.
'તો' અક્ષર બે વાક્યોને અલગ કરેછે તો, તેજ 'તો' અક્ષર અનેક પ્રશ્નાર્થ ? ,ઊભાં કરવાની અતૂટ તાકાત દર્શાવે છે.
જગત નો 'જ' વિશાળતાના દર્શન કરાવે છે તો તેજ 'જહ્ન ભારવાચક સંકુચિતતા દર્શાવતાં જરા પણ સંકોચ અનુભવતો નથી!
નાની એવી બિન્દી પણ રજનું ગજ કરવાનું સામર્થ્ય ધરાવેછે, દા.ત. રજકણ માટે વપરાતો શબ્દ 'રજ ' પામરતા બતાવેછે તો તેની ઉપર નાની બિન્દી મૂકતાં બનતો શબ્દ ' રંજ ' દુઃખ ના દાવાનળને
દર્શાવવાની તાકાત ધરાવે છે.
બે બળદ જોડેલાં વાહનનું નામ 'ગાડુંલ્ર. પરંતુ 'ગાલ્ર ઉપર બિન્દી લગાડતાં બનતો શબ્દ "ગાંડુ " મગજની અસ્થિરતા બતાવવા લાગે છે.
અભિમાન અને મોટાઈ માટે વપરાતો શબ્દ 'મદલ્રઉપર બિન્દી લાગતાં 'મંદલ્ર બને છે જે નિર્બળતા,ધીમું સાથે અલ્પ બુધ્ધિ નો એહસાસ દર્શાવે છે.
આ છે, નાનાં અક્ષર અને અનુસ્વરની અદમ્ય તાકાત દર્શાવતા અલ્પ ઉદાહરણ!
આપણી ગુજરાતીભાષાનો દરેક શબ્દ,અનેક અર્થ બતાવવાનું અદકેરું કૌશલ્ય ધરાવે છે.
હક્ક=કબજો,દાવો,અધિકાર વિ.
હાર=પરાજય,પંક્તિ, ફૂલમાળા વિ.
ઉત્તર= દિશાસૂચક , જવાબ વિ.
વાર=દિવસ, સમયનો વિલંબ, વિ.
અંક=રકમ, સંખ્યા,ખોળો વિ.
'પ્યારેલ્ર, અક્ષર ફક્ત અઢી જે નામ બતાવે છે, તો સાથે સાથે પ્રેમસભર સંબોધન છે, અને આ લેખના લેખકનું ઉપનામ પણ શોભાવે છે. આપણી મીઠી મધુરી,શૌર્યભરી, વિશ્ર્વની લોકપ્રિય, માતૃભાષા ગુજરાતીનો આ છે રાજવી દબદબો! જેમાં અક્ષરે અક્ષરે , જોડણી પ્રમાણે ,સમયે -સમયે અર્થ બદલાયછે તો શબ્દાર્થ પણ શબ્દો ના સથવારે મા સરસ્વતીના ઉપાસક,લેખકો,કવિઓ, ગઝલકારો ,પોતાના મનમાં ઉગતી ઊર્મીઓ, અને અવનવી કલ્પના અને વિચારોને કલમના કસબીઓ અવનવી સાહિત્ય કૃતિઓ રચી ધબકતું રાખે છે સાહિત્ય જગત !
પ્યારે' ચાલો જોડાઓ શબ્દાર્થ ના સથવારે, અને કલ્પના ની પાંખે ઊડી, માણો સાહિત્યની સફરને !

જયકાન્ત ઘેલાણી 'પ્યારે'.

---

**NOG SS NO /0044**

વિષય:- શબ્દાર્થ
વિભાગ:- ગદ્ય
શબ્દો :- ૨૭૩
શીર્ષક :- શબ્દની કરામત.

પુરુષ મહેનત કરે તે પુરુષાર્થ, સ્ત્રી મહેનત કરે તે સ્ત્રીઆર્થ. વિચારીએ કે શબ્દાર્થ એટલે શું?
અક્ષરોને ભેગાં કરીએ એટલે શબ્દ બને, એને કાના, માત્રા વગેરેથી શણગારી સુંદર કવિતા, વાર્તા,લેખ, સુભાષિતો,ભજન વગેરેની રચના થાય અને આ રચના,રચનારને અમર બનાવે જેમકે નરસિંહ મહેતા, મીરાંબાઈ, પાનબાઈ,અખો, સ્નેહરશ્મિ, પન્નાલાલ પટેલ,ર.વ.દેસાઈ,અવિનાશ વ્યાસ વગેરે. આપણી ગુજરાતી ભાષામાં વિપુલ પ્રમાણમાં શબ્દભંડોળ છે.કેટલીક વખત બોલવામાં સમાન લાગતાં શબ્દનો અર્થ અલગ હોય તો અનેક શબ્દનો અર્થ એક જ હોય, જેમકે પવન,અનિલ, સમીર વાયરો વગેરે.
જળ,નીર, પાણી ,ભૂલ,વારિ, સલિલ વગેરે.
એ જ રીતે બોલવામાં સમાન લાગતાં પરંતુ જોડણી અલગ હોય એવાં શબ્દનો અર્થ અલગ જ હોય, જેમકે-
પતિ- જીવનસાથી
પતી- ખલાસ
વારિ- જળ
વારી- નથણી
સુરત- શહેરનું નામ
સૂરત- ચહેરો.
એ જ રીતે બોલવામાં, લખવામાં સમાન હોય પરંતુ અર્થ અલગ હોય ત્યારે વાક્યમાં કયા અનુસંધાનમાં શબ્દ વપરાયો તે જોવાય.
દા.ત.
રેખા- સ્ત્રીનું નામ,લીટી
સીમા- સ્ત્રીનું નામ,હદ
કર- હાથ, જકાત
કર્ણ- પુરુષનું નામ, કાન
અનિલ- પુરુષનું નામ,પવન
સમીર- પુરુષનું નામ, પવન
આકાશ- પુરુષનું નામ,નભ
આશા- સ્ત્રીનું નામ, મનોરથ
નયન- પુરુષનું નામ, આંખ
પંકજ- પુરુષનું નામ,કમળ
કુસુમ- સ્ત્રીનું નામ, ફૂલ
સરિતા- સ્ત્રીનું નામ, નદી.
આવાં તો અસંખ્ય ઉદાહરણ છે.શબ્દ એટલે આપણાં બોલ,બહુ જ સાચવીને ઉચ્ચાર કરવો પડે.શબ્દ મારે ને શબ્દ તારે.
બોલવામાં ગરબડ થઈ જાય તો વર્ષો જુનાં સંબંધોનો અંત આવી જાય.અર્થનો અનર્થ ન થઈ જાય એનું ધ્યાન રાખવું જોઈએ.
' તલવારના ઘા રૂઝાય છે વાણીનાં ઘા રૂઝાતા નથી.'
કેટલીક વખત સાચું કહેવું પડે તો પણ એવી રીતે કહેવું કે સામાવાળાને કટુવચન ન લાગતાં સત્ય સમજાય અને ખોટું પણ ન લાગે.એટલે જ તો કહેવાયું છે કે,
' કાણાને કાણો કહીએ કડવા લાગે વેણ ધીરે રહીને પૂછીએ શીદને ખોયાં નેણ?'
આવી છે શબ્દોની કરામત.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

**NOG SS NO:004**

વિષય: શબ્દાર્થ " શબ્દ એક કથા..(શબ્દો થી વેર,ઝેર અને સંબંધ પણ..શબ્દો ની સાહિત્ય અનંત યાત્રા.)
પ્રકાર: લેખ શબ્દોની સાહિત્ય અનંત યાત્રા
શબ્દો:૩૪૫
શીર્ષક:ભાષાની સાચી ઓળખ એટલે સાચી જોડણી

આજથી સદીઓ પહેલાં કે કરોડો વર્ષો પહેલાં સોધાયેલી લીપી ને તેમાંથી ઉદ્ભવેલ અધધધ ભાષાઓ.
દેવનાગરી કે સંસ્કૃતનાં ચલણમાં માનવ કેવું બોલતો હશે કે નાના શબ્દો ધીરે ધીરે અપભ્રંશ થયાં. તેનું ચલણ વધ્યું
ને માનવ પોતાની પોતાની રાજ્યને અનુલક્ષી આ સ્પષ્ટ ભાષા કરતાં પણ અપભ્રંશી ભાષા બોલવા લાગ્યો. અંગ્રેજો અંગ્રેજી
જાપાની જાપાનીસ
ફ્રેન્ચ લોકો ફ્રેન્ચ
ડચ લોકો ડચ
હિન્દુસ્તાની સંસ્કૃત/ દેવનાગરી
યુરોપ - યુરોપિયન
ચીન- ચીની.. વગેરે વગેરે.
આપણો દેશ શિક્ષિત થયો તો ગુલામીનાં સો વર્ષમાં કેટલીય ભાષા બોલનાર આવ્યા. એક ઉદાહરણ છે કે આઝાદીનાં પંચોતેર વર્ષ પછી પણ પોંડીચેરીમાં ફ્રેન્ચ કોલોનીમાં ફ્રેન્ચ ને ડચ ભાષાનો ઉપયોગ થાય છે. શિક્ષિત થતાં આપણી ચોવીસ રાજ્યોની ચોવીસ ભાષાઓ સામે એક અંગ્રેજી ભાષાની પક્કડ મજબૂત
બનતી ગઈ. વિશ્વભરમાં એ ભાષા સંભાષણ માટે સામાન્ય બની ગઈ. શું એક સ્પેલીંગની જોડણી એ ભાષાને પણ શબ્દાર્થથીઅલગ અર્થ કરી દે છે.
Peace અને piece એક સરળ દાખલો આપું છું. મિત્રો શું તમે ભૂલ કરશો? ને કરશો તો જરૂર શબ્દાર્થ બદલાય જ જશે ને?
ઓહ! સમજી ગયાં મારું કહેવાનું કે તમારી માતૃભાષા પણ આ જ માંગે છે. બાળક જન્મે ને જે માહોલમાં મોટું થાય તે માહોલની જ ભાષા સૌ પ્રથમ બોલે.. ગુજરાતી, હિન્દી, તામિલ, કન્નડ કે મદ્રાસી કે પંજાબી. જો તે પહેલેથી જ સ્પષ્ટ ભાષા અપનાવે તો સ્પષ્ટ શબ્દાર્થ સમજે.શબ્દાર્થ સમજે તો સ્પષ્ટ સ્વચ્છ સાહિત્યનો જન્મ થાય. સાહિત્યમાં ભાષા કે શબ્દો ખોટી રીતે વપરાયને ત્યારે અપભ્રંશી ભાષા જન્મે.. તેથી ગુજરાતમાં બોલાતી ગુજરાતી કહેવત પ્રમાણે બાર ગામે બોલી બદલાય★ જેવી છે ને તેથી તે લખતા સાહિત્યકારો તેને તળપદી ભાષા કહી દે છે. એ ખાલી ને ઠાલી આત્મસ્લંઘના છે. જોડણીની છૂટ લેવાય છે એ એક ભાષા સાથેની અધોપતનની નિશાની જ છે.
ભાષાની સાચી ઓળખ તેની સાચી જોડણી છે.આપણી ભાષામાં ગણિતશાસ્ત્ર જેવું છે. નાની રકમ કે વત્તા, ગુણાકાર , ભાગાકાર કે બાદબાકીને જેમ યોગ્ય રીતે ન વાપરીએ તો જરૂર દાખલો ખોટો પડી જાય તેમજ યોગ્ય વિરામ ચિન્હ કે યોગ્ય અનુસ્વાર કે વ્યંજન કે સ્વર યોગ્ય જગ્યાએ ન મૂકાય તો શબ્દાર્થ અર્થનો અનર્થ કરી નાંખે (દા.ત. ચિતા અને ચિંતા, ભાગ્યો અને ભાંગ્યો)
માટે તે વાપરી સાચી જોડણી લખી ભાષાની સાચી ઓળખ ઊભી કરો.તો સુંદર સાહિત્ય રચાશે.

જયશ્રી પટેલ

# ગ્રાહક સુરક્ષામાં ગ્રાહકોમાં જાગૃતિ આવતા વધારે પ્રમાણમાં ફરિયાદ નોંધાઈ

ગાંધીનગર ,તા.૦૧

ગ્રાહકોમાં જાગૃતિ આવતાં પ્રતિવર્ષ કેસ અને ફરિયાદની સંખ્યા વધતી જાય છે. રાજ્ય કમિશનમાં પ્રતિવર્ષ અંદાજે ૨૦૦૦ જેટલા કેસ આવે છે. રાજ્ય કમિશનમાં કેસ નિકાલની સ્થિતિ ઘણીવાર ૧૦૯ ટકા સુધી પહોંચી જાય છે. પાંચ વર્ષની સરેરાશમાં કેસ નિકાલ ૯૧.૪ ટકા થયો છે. એટલે કે ૮૨૮૩ કેસ દાખલ થયા હતા જેની સામે ૭૫૪૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.

એવી જ રીતે જિલ્લા ફોરમમાં ફરિયાદો કરવાનું પ્રમાણ પણ વધ્યું છે. જિલ્લા ફોરમમાં પ્રતિવર્ષ સરેરાશ ૧૦ હજારથી વધુ ફરિયાદો આવે છે. ૨૦૧૯ના વર્ષમાં ફરિયાદોની સંખ્યા ૧૩૩૧૫ જોવા મળી હતી.

જિલ્લા ફોરમમાં દાખલ થયેલા ૫૦૪૫૫ કેસ પૈકી ૩૫૮૨૮ કેસોનો નિકાલ કરીને ફોરમે ૭૦ ટકા સિદ્ધિ હાંસલ કરી છે.ગુજરાતમાં ખુલ્લી લૂંટ ચલાવતા વેપારીઓ સામે ખુદ ગ્રાહકો જાગૃત બની રહ્યાં છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યભરના ફોરમમાં ૫૦ હજાર કરતાં વધુ ફરિયાદો નોંધવામાં આવી છે. એટલું જ નહી આ સમયગાળામાં કમિશન સમક્ષ ૮૦૦૦ કરતાં વધુ કેસ આવ્યા છે.

ગ્રાહક સુરક્ષા વિભાગના ઉચ્ચ અધિકારીએ કહ્યું હતું કે કોઈપણ ચીજવસ્તુની ખરીદીમાં ગ્રાહકને અન્યાય થાય, છેતરપિંડી થાય અથવા તો છાપેલી કિંમત કરતાં વધુ ભાવ લેવામાં આવે તો રાજ્યના તમામ જિલ્લામાં ૩૮ ગ્રાહક સુરક્ષા ફોરમ અને જિલ્લા કમિશનો આવેલા છે. રાજ્યકક્ષાએ કમિશનના પ્રમુખ તરીકે જિલ્લા ન્યાયાધીશ કક્ષાના કાર્યરત અથવા નિવૃત્ત અધિકારીની નિયુક્તિ કરવામાં આવી છે.

# ગાંધીજીની ૧૫૧મી જન્મજયંતિની ઉજવણી કરાઈ



શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ ના ઈતિહાસ વિભાગ દ્વારા આયોજિત ગાંધી જયંતી નિમિત્તે કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. તારીખ ૧ ઓક્ટોબરે આ કાર્યક્રમ ૨ ઓકટોબરના નિમિત્તે રખાયો હતો.બી.એ. સેમેસ્ટર ૧, ૩, અને ૫ ના વિદ્યાર્થીઓ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીજીના જીવનના પ્રસંગો વિશે વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રિન્સીપાલ શ્રી ડૉ. લલીતભાઈ પટેલ ના સાનિધ્યમાં બાયસેગ હોલમાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. જી.પી.શ્રીમાળી દ્વારા ગાંધીજીના આંદોલનો અને ભારતની આઝાદી વિશે વિસ્તૃત વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. સંગીતાબેન બકોતરા દ્વારા ગાંધીજી અને વિદ્યાપીઠની સ્થાપના વિશે માહિતી રજૂ કરવામાં આવી હતી. જ્યારે મીનાબેન અગ્રવાલે રાજસ્થાનમાં ગાંધી પ્રવૃત્તિ વિશે અહેવાલ આપ્યો હતો ડોક્ટર જી.પી.શ્રીમાળી ના માર્ગદર્શન હેઠળ કાપડિયા હાર્દિક, ધાર્મિક જોષી, દરજી જયેશ, હાર્દિકા પટેલ, સાગર દેસાઈ, હાર્દિક ભાટીયા વગેરે વિદ્યાર્થીઓએ ગાંધીજીના જન્મ થી શરૂ કરી તેમના જીવન અને પ્રવૃત્તિઓ વિશે નો અહેવાલ રજૂ કર્યો હતો આ ઉપરાંત ઠાકોર કવિતા દ્વારા ગાંધીજી ના ધર્મ પત્ની કસ્તુરબા વિશે વિસ્તૃત માહિતી આપી હતી આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધાર્મિક જોષી અને તેમના મિત્રો દ્વારા કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત આકાશ રાવલ દ્વારા ગાંધીજી ના પ્રસંગો પ્રમાણે નિર્દેશન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની આભારવિધિ ધાર્મિક જોષી દ્વારા કરવામાં આવી અને આ કાર્યક્રમમાં લગભગ ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત વિદ્યાર્થી દ્વારા ગાંધીજીના સ્ટેચ્યુ પાસે જઈ તેમને સુતરની આંટી અને ફૂલહાર ચડાવી તેમને નમન કર્યા હતા. હાર્દિક કાપડિયા ના નેતૃત્વ હેઠળ એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીજીના સ્ટેચ્યુ પાસે જઈ ડૉ.જી.પી.શ્રીમાળી દ્વારા ખાદી અને વણાટની પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતીમાં આપવામાં આવી હતી. સૌના સાથ અને સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# ગુજરાતમાં ગાડીઓના કાચ તોડી ચોરી કરતી નાયડુ ગેંગના ૫ સભ્યોને ઝડપ્યા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા શહેરમાં થોડા દિવસ અગાઉ ચાર રસ્તા પોલીસ ચોકીની નજીક વેપારીની ઈકો કારને પંક્ચર થતા પંક્ચર દુકાન આગળ ઈકો કાર ઉભી રાખી વેપારી પંક્ચર કઢાવી રહ્યો હતો ત્યારે કારમાં ૧.૧૦ લાખ ભરેલી થેલીની તફડંચી થતા વેપારી હોફાળો-ફોફાળો બન્યો હતો સમગ્ર ચોરીની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ હતી જે અંગેની પોલીસ ફરીયાદ ટાઉન પોલીસ સ્ટેશને નોંધાતા પોલીસે સીસીટીવી ફૂટેજ અને નેત્રમ કેમેરાની મદદથી ચોરીમાં સંડોવાયેલ ૫ શખ્સોની ઓળખ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો બીજીબાજુ નડિયાદ પોલીસે કારમાંથી રૂપિયા અને કિંમતી સામાનની ચોરી કરતી નાયડુ ગેંગને ઝડપી લીધી હતી મોડાસામાં નાયડુ ગેંગે જ કારમાંથી તફડંચી કરી હોવાનું બહાર આવતા ટાઉન પોલીસ ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે ેડાસા ટાઉન પીઆઇ એન.જી.ગોહીલ અને તેમની ટીમે ચાર રસ્તા પોલીસ ચોકી નજીક ઈકો કારમાંથી ૧.૧૦ લાખની તફડંચીના ગુન્હાનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલી નાખ્યો હતો અને આંતરરાજ્ય નાયડુ ગેંગના સુબ્રમણી સુંગૈયા નાયડુ,રમેશ મણી નાયડુ,સેગર પલ્લીસ્વામી નાયડુ,શિવા વેંકેટસ્વામી અને એક સગીર યુવકની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા

ગુજરાત સહીત અન્ય સ્થળે નાયડુ ગેંગના શાતીર શખ્સો વાહનચાલકો અને રૂપિયા લઇ પસાર થતા વેપારીઓ તેમજ લોકોનું ધ્યાન ભટકાવી ચોરીની ઘટનાને અંજામ આપવામાં માહીર છે જેમાં ગિલોલથી ગાડીઓના કાચ તોડતા હતા.વળી ગાડીના બોનેટ ઉપર ઓઈલ ફેકતા,રસ્તા ઉપર પૈસા ફેકી માણસોનુ ધ્યાન દોરતા,ગાડીનો દરવાજો લોક કરતા પહેલા દરવાજો થોડો ખોલી નાખવા જેવી મોડસ ઓપરેન્ડીસનો ઉપયોગ કરતા હતા.

# ચાણસ્મા તાલુકાના તલાટી કમ મંત્રી શ્રી ઓ દ્વારા ધરણા યોજી વિરોધ પ્રદર્શન કર્યું



સમગ્ર ગુજરાત રાજયમાં તલાટી કમ મંત્રી શ્રી ઓ એ પોતાની પડતર માંગણીઓ સંદર્ભે આંદોલન ચલાવી રહ્યા છે ત્યારે વિવિધ માંગણીઓ સંદર્ભે આજરોજ ધરણા યોજી વિરોધ પ્રગટ કર્યો હતો.મળતી વિગતો મુજબ ગુજરાત રાજ્યના તલાટી યુનિયન દ્વારા પોતાની પડતર માંગણીઓ જેવીકે રેવન્યુ તલાટી ને પંચાયત તલાટી તરીકે મરજ કરવા બાબત, ૨૦૦૪,૫,૬, ના કર્મચારીઓની સેવા સળંગ ગણાવી,૪૪૦૦ ગેડ પે બાબત સહિતની વિવિધ માગણીઓ સંદર્ભે આજરોજ ચાણસ્મા તાલુકાના તમામ તલાટી કમ મંત્રી શ્રી ઓ ચાણસ્મા તાલુકા પંચાયત સામે ધરણા યોજી વિરોધ પ્રદર્શન કર્યું હતું નિખિલ જોશી પાટણ.

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારતનું નવનિર્માણ થઈ રહ્યું છે : શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી**

# અમદાવાદ બિલ્ડર્સ એસોસિએશન અને દિવ્ય ભાસ્કર દ્વારા આયોજિત મેગા પ્રોપર્ટી એક્ઝપો -૨૦૨૧મા શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની પ્રેરક ઉપસ્થિતિ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતનું નવનિર્માણ થઈ રહ્યું છે, તેમ રાજયના શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ અમદાવાદના નિકોલ ખાતે આયોજિત મેગા પ્રોપર્ટી એક્ક્ષપોના ઉદઘાટન પ્રસંગે જણાવ્યું હતું.મંત્રીશ્રીએ આશા વ્યક્ત કરી હતી કે બાંધકામ ઉદ્યોગ વેગવાન બનતા વધુને વધુ પ્રમાણમાં રોજગાર સર્જન થશે. શ્રી વાઘાણીએ કહ્યું કે, સંયોગ છે કે આજે દુબઈમાં પણ એક્ક્ષપોનો શુભારંભ થઈ રહ્યો છે અને અમદાવાદમાં પણ પ્રોપર્ટી એકક્ષપોનો શુભારંભ થઈ રહ્યો છે.

આ અવસરે અમદાવાદ બિલ્ડર્સ એસોસિએશનના પ્રારંભની ભૂમિકા આપતા શિક્ષણમંત્રીએ કહ્યું કે, જો જાહેર જીવનમાં નિષ્ઠા અને પ્રમાણિકતા હોય તો સફળતા પ્રાપ્ત થાય છે, તેનું ઉદાહરણ આ એસોસિએશન છે. તેમણે આ પ્રસંગે યુવાનોના નેતૃત્વ હેઠળ આ એસોસિએશન વધુ પ્રગતિ કરે તેવી શુભકામના પણ વ્યક્ત કરી હતી.

તેમણે કહ્યું કે, આપણે રાષ્ટ્રનિર્માણ માટે સૌને સાથે લઈને ચાલીએ અને સમૃદ્ધ ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ બનીએ.

આ અવસરે પ્રાસંગિક ઉદબોધનમાં સાંસદ અને ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે કોરોનાના કપરા કાળ બાદ વિવિધ ક્ષેત્રોમાં સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. અને દેશ પ્રગતિના પંથે આગેકૂચ કરી રહ્યો છે. તેમણે કહ્યું કે, ભારતમાં રાજકીય સ્થિરતાના પગલે વિદેશી રોકાણનો પ્રવાહ પણ વધ્યો છે.

શ્રી પાટીલે કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈએ ૨૦૨૨ પહેલા દરેકને ઘરનું ઘર મળે તેનું સ્વપ્ન સેવ્યું છે અને આ પ્રકારના એક્ક્ષપો તે દિશામાં મહત્વનું કદમ છે. સાંસદશ્રીએ આ પ્રસંગે સુરતમાં રખડતા ઢોર અને ભિક્ષુકોના પુનવર્સન માટે થઈ રહેલા પ્રયાસોનો ઉલ્લેખ કરી અમદાવાદ શહેરમાં પણ આ પ્રકારના પ્રયાસો માટે કટિબદ્ધ થવા માટે તાકીદ કરી હતી.

શ્રી પાટીલે આ તકે જાહેર હિત માટે જનતાને સૂચનો કરવા માટે પણ આહવાન કર્યું હતું. તેમણે કહ્યું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં શિક્ષણ અને ઉદ્યોગ જેવા ક્ષેત્રોમાં પ્રજાભિમુખ અનેકવિધ પગલા લેવાઈ રહ્યા છે.

આ અવસરે ધારાસભ્ય શ્રી વલ્લભાઈ કાકડિયા, પ્રદેશ મહામંત્રી શ્રી પ્રદિપસિંહ વાઘેલા, અમદાવાદ શહેર ભાજપના પ્રભારી શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ, દિવ્ય ભાસ્કરના તંત્રી શ્રી પ્રણવ ગોળવેલકર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જીલ્લામાં ૩ ઓક્ટોબરના રોજ મતદાર વિભાગની પેટા ચૂંટણીઓ માટે મતદાન યોજાશે

## જીલ્લા કલેકટરશ્રી દ્વારા ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે કામ કરતા કર્મચારી/કામદારોને મતદાન માટે ૩ કલાકની રજા આપવા આદેશ કરાયો

મોડાસા-શુક્રવાર,અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં ભિલોડા તાલુકાના ૨૧-નાંદોજ અરવલ્લી જિલ્લા પંચાયત મતદાર વિભાગ, ૨૨-ઉબસલ ભિલોડા તાલુકા પંચાયત મતદાર વિભાગ, ૧૦-હઠીપુરા બાયડ તાલુકા પંચાયત મતદાર વિભાગ, મોડાસા નગરપાલિકા વોર્ડ નંબર-૨ના મતદાર વિભાગની પેટા ચૂંટણીઓ માટે મતદાન તા.૦૩ ઓક્ટોબર ૨૦૨૧ ને રવિવારના રોજ સવારે ૭.૦૦ થી સાંજના ૬.૦૦ કલાક દરમિયાન યોજાશે.

જે કામે મતદાન દિવસ તા.૦૩ ઓક્ટોબર ૨૦૨૧, રવિવારના રોજ સ્થાનિક રજા જાહેર કરવા સંબંધી વંચાણે લીધેલ આમુખ-(૧)થી મળેલ અધિકારીની રૂએ જીલ્લા કલેકટરશ્રી ડૉ. નરેન્દ્રકુમાર મીના તથા જિલ્લા ચૂંટણી અધિકારી, અરવલ્લી-મોડાસા નીચે મુજબ આદેશ કરાયો.

જેમાં ચૂંટણી હેઠળના વિસ્તારોમાં ગ્રામિણ બેંકો, રાષ્ટ્રીય અને ખાનગી બેંકો, સહકારી બેંકો, રેલ્વે, ટેલીકોમ અને પોસ્ટ ઓફીસો, હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રીગેડ અને આવશ્યક સેવા આપતી અન્ય સંસ્થાઓના/કચેરીઓના કર્મચારીઓ/કામદારો તેમજ દુકાનો અને વાણિજ્ય સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એક્મો, કારખાનાઓ, ફેક્ટરીઓ, કર્મચારીઓ/કામદારોના પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે તા.૦૩ ઓક્ટોબર ૨૦૨૧ને રવિવારના રોજ ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ/કચેરીઓ ચાલુ રાખીને અવેજીમા/બદલીમાં મતદાનના દિવસે એટલે કે તા.૦૩ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવા સંબંધિત તમામ સંસ્થા/કચેરીઓનાવડા/સંચાલકશ્રીઓને જાણ કરવામાં આવે છે.

મતદાન થવાનું છે તે વિસ્તારમાં રહેતા અને ખરેખર મતદાર હોય, પરંતુ બહારના વિસ્તારમાં નોકરી/ફરજ બજાવતાં હોય, તેઓને પણ મતદાન કરવા ઉક્ત જણાવ્યા મુજબ વ્યવસ્થા કરવાની રહેશે.

# સાણંદ સ્થિત માનવ સેવા ટ્રસ્ટ અને તાતા મોટર્સના સંયુક્ત ઉપક્રમે કપડાની ૧૦૦૦ થેલીઓ તથા માસ્કવિતરણ



અમદાવાદ જિલ્લાના સાણંદની બજારમાં ગદાની જગ્યાએ રસી આપતા પ્રતિકાત્મક ઈન્જેક્શન લઈને ફરતા યમરાજે લોકોમાં આગવું આકર્ષણ જમાવ્યું હતું...કોરોનાની મહામારીને નાથવામાં રસીકરણ જ અંતિમ ઉપાય છે ત્યારે અમદાવાદ જિલ્લાના સાણંદ સ્થિત 'માનવ સેવા ટ્રસ્ટ' દ્વારા લોકોમાં રસીકરણ અંગે જાગૃતિ ફેલાવવા આ અનોખો પ્રયોગ કરાયો હતો.. સાણંદના બજારમાં યમરાજનો વેશ પરિધાન કરીને ફરતી વ્યક્તિએ લોકોને રસીકરણ માટે પ્રેર્યા હતા..

માનવ સેવા ટ્રસ્ટના શ્રી મનુભાઈ બારોટે કહ્યું હતું કે 'કોરોનાને નાથવા રસી જ કારગત ઉપાય છે ત્યારે લોકોને આ અંગે જાગૃતિ ફેલાવવા આ પ્રયોગ કરાયો છે.. સાણંદ આસપાસના ગામડાઓમાં લોકો રસી માટે જાગૃત થાય તેના ભાગરૂપે આ અનોખી શૈલી દ્વારા હકારાત્મક સંદેશો આપવામાં આવ્યો છે...' એમ તેમણે ઉમેર્યું હતું.

સ્વચ્છતાના આગ્રહી એવા પૂજ્ય મહાત્મા ગાંધી ની પુણ્યતિથિ ની પૂર્વસંધ્યાએ અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે કપડાની ૧૦૦૦ થેલીઓ અને માસ્ક વિતરણ ની સાથે રસીકરણની જાગૃતિ માટે અનોખો કાર્યક્રમ યોજાયો હતો.. અત્રે ઉલ્લેખનીય છે કે પર્યાવરણની સુરક્ષા માટે પ્લાસ્ટિકની જગ્યાએ કાગળ કે કપડાંની થેલીનો વપરાશ પણ અનિવાર્ય બન્યો છે ત્યારે લોકો પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા અટકે અને કાપડની થેલી વપરાશમાં લે તે માટે સાણંદ બજારમાં લોકોને ૧૦૦૦ જેટલી કપડાની થેલીઓનું પણ વિતરણ કરાયું હતું.. સાથે સાથે લોકોને માસ્ક પણ આપવામાં આવ્યા હતા..

## બુટલેગરોના કીમિયાને જાણીને દંગ રહી જશો : શામળાજી પોલીસે ૧૦.૫૩ લાખનો વિદેશી દારૂ સાથે ખેપીયાને દબોચ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

રાજ્યમાં દારૂબંધી હોવા છતાં પરપ્રાંતમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઘુસાડવામાં આવતો હોય છે ત્યારે પોલીસ દ્વારા દારૂની હેરાફેરી કરતાં આવા વાહનોને પકડી પાડવામાં આવે છે અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની કડક કાર્યવાહીને પગલે બુટલેગરોએ નિતનવા નુસખા અપનાવી રહ્યા છે નોંધનિય છે કે, શામળાજી પોલીસ સતત દારૂનો જથ્થો ઝડપી પાડવામાં સફળ રહેતા પોલીસની આંખમાં ધૂળ નાખવા બુટલેગરોએ ટેંકરનો સહારો લીધો હતો પરંતુ બુટલેગરો સામે શામળાજી પોલીસ અને બાતમીદારો ચબરાક સાબીત થઇ હતી શામળાજી પોલીસ ટેક્રરમાં સંતાડેલ ૧૦.૫૩ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી શામળાજી પોલીસની પ્રાથમીક પૂછપરછમાં વિદેશી દારૂનો જથ્થો જોધપુર થી અમદાવાદ બુટલેગરને પહોંચાડવાનો હોવાનું બહાર આવ્યું હતું

શામળાજી પીએસઆઈ આશીષ પટેલ અને તેમની ટીમે રાજસ્થાન આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ નજીક વાહનોનું સઘન ચેકીંગ હાથધર્યું હતું ત્યારે રાજસ્થાનના જોધપુરથી ટેક્રરમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ભરી ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યો હોવાની બાતમી મળતા શામળાજી પોલીસ સતર્ક બની હતી બાતમી આધારીત ટેક્રર આવતા અટકાવી તલાસી લેતા ટેક્રરમાં બનાવેલ ખાનામાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૫૬૫૪ કી.રૂ.૧૦૫૩૧૫૦/- નો જથ્થો જપ્ત કરી ટેક્રર ચાલક રાકેશ ક્રિષ્ણરામ બાબલ (રહે,રાજસ્થાન) ને દબોચી લઇ કુલ.રૂ.૧૩.૫૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં પ્રચારના પડઘમ શાંત

## છેલ્લા ૪૦ દિવસમાં ગાંધીનગરમાં ૩૬૦ થી વધારે કિલોમીટર ચાલીને પ્રવીણ રામે પ્રચંડ પ્રચાર કયો



ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં તમામ માટે પ્રતિષ્ઠાનો જંગ જામ્યો છે,ભાજપ અને કોંગ્રેસ પોતાનું ગ્રાઉન્ડ બચાવવાનો પ્રયાશ કરી રહ્યા છે જ્યારે આમ આદમી પાર્ટી પોતાનું ગ્રાઉન્ડ બનાવવાનો પ્રયાશ કરી રહી છે,આમ આદમી પાર્ટી પ્રદેશ યુવા પ્રમુખ પ્રવીણભાઈ રામને ગાંધીનગરમાં છેલ્લા ૪૦ દિવસથી ઉતારી માહોલ બનાવવામાં સફળ રહી છે જ્યારે સામે બાજું ભાજપ દ્વારા મંત્રીઓને વોર્ડની જવાબદારી આપવામાં આવી છે અને કોંગ્રેસમાં તો ક્યારેક ક્યારેક જ ચૂંટણી પ્રચારમાં મોટા નેતાઓ નજરે ચડે છે.

ગાંધીનગર મહાનગરપાલિકા પોતાના કબ્જે કરવા ભાજપ દ્વારા લોકડાયરો,રેલી અને ડોર ટુ ડોર ના માધ્યમથી પ્રચાર કરવામાં આવી રહ્યો છે જ્યારે કોંગ્રેસના ઉમેદવારો ક્યારેક ક્યારેક ડોર ટુ ડોર માં નજરે ચડ્યા જ્યારે આપ દ્વારા છેલ્લા ૪૦ દિવસથી ડોર ટુ ડોર,પદયાત્રા,સ્ટેન્ડી ડિસ્પ્લે,મુખ્ય સભાઓ,નુક્કડ સભાઓ ,લોકડાયરો અને મોટી જન સભાઓ દ્વારા લોકોની વચ્ચે જવાનો પ્રયાશ કરવામાં આવી રહ્યો છે જેમાં પ્રદેશ લેવલના તમામ નેતાઓ ઈસુદાંનભાઈ ગઢવી, ગોપાલભાઈ ઈટાલિયા, વિજયભાઈ સુવાળા,મહેશભાઈ સવાણી જેવા નેતાઓ ગ્રાઉન્ડ ઉપર જોવા મળ્યા તેમજ પાર્ટીના પ્રદેશ યુવા પ્રમુખ પ્રવીણભાઈ રામે ૪૦ દિવસ સુધીમાં ૩૬૦ થી વધારે કિલોમીટર ચાલીને ડોર ટુ ડોર લોકોની વચ્ચે જઈ આમ આદમી પાર્ટીને મત આપવા અપીલ કરી પ્રચંડ પ્રચાર કર્યો,પરંતુ હવે ૫ વાગે તમામ પાર્ટીઓના પ્રચાર પડઘમ શાંત થઈ ગયા છે હવે ૩ તારીખે મતદાન થશે અને ૫ તારીખે કોંગ્રેસ ,ભાજપ બાજી મારશે કે નવી આવેલી આમ આદમી પાર્ટી બાજી મારશે એ જોવાનું રહ્યું પરંતુ એટલું ચોક્કસ કહી શકાય કે ગાંધીનગરના પરિણામ ચોંકાવનારા હશે,ગાંધીનગર ના પરિણામ ઉપર આખા ગુજરાતની નજર છે કારણકે પાટનગર કોના ખાતામાં જાય છે એ તમામ પક્ષો માટે મહત્વનું છે.ાંધીનગરમાં ભાજપ જો મહાનગરપાલિકા બનાવાશે તો ભાજપના સંગઠન અને નવા મંત્રીમંડળ માટે ચિંતાનો વિષય બનશે જ્યારે કોંગ્રેસ જો બાજી મારશે તો કોંગ્રેસમાં એક આશા જાગશે અને જો આમ આદમી પાર્ટી મહાનગર પાલિકા બનાવે છે તો ૨૦૨૨ ની વિધાનસભાના દ્વાર ખુલશે ત્યારે કોના નસીબ ખુલશે એ આવનારો સમય બતાવશે

પ્રવીણ રામ

પ્રદેશ યુવા પ્રમુખ - આમ આદમી પાર્ટી




ગાંધીનગર મહાનગર પાલિકા ની ચૂંટણી માં પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ,મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ,પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા.ધારાસભ્ય અલ્પેશ પટેલ,પૂર્વ ધારાસભ્યો,સ્થાનિક ભાજપ નેતાઓ કાર્યકરો પેથાપુર થી કુડાસણ સુધી ના રોડ શો માં જોડાયા હતા. નો રીપીટ ભાજપ ના રાજકીય વિત બેંક આવકારવા ના પ્રયોગ માં ઉમેદવારો ને હાર નો ભય પ્રદેશ ભાજપ માં વ્યક્ત કરતા આ શોબા જી કરવા વોટબેંકની ને આવકારવા જાણે પોતે વર્ઘોડિયા હોય તેમ ભાજપ નો રથ કાઢવામાં આવ્યો હતો જે સ્થાનિક મુખ્ય માર્ગ થી પસાર થયો હતો..વૈભવશાળી રોડ શો થી આકર્ષાઈ હવે કેટલી વોટ બેક્ર આકર્ષાઈ ભાજપ ની તરફેણ કરે છે તે પરિણામ બતાવશે..અત્યાર સુધી. હજાઓ ક્યારેય સ્પષ્ટ બહુમતી મહાનગર પાલિકા માં લાવ્યું નથી..ત્રણ વખત કોંગ્રેસ ના જીતેલ ઉમેદવાર ને ફોડી ને મેયર બનાવી ભાજપ નું શાશન મહાનગર પાલિકા માં થયું હતું જે પક્ષ પલટા નો ઈતિહાસ છે.ભાજપ ના ઉમેદવારો માટે આંતરિક ભય નો માહોલ છે...જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ના ઉમેદવારો પણ રોડ શો કરી ચૂક્યા છે..જોવાનું રહ્યું કે કોણ બે પક્ષ ભેગા થઈ મેયર બનાવે છે..ત્રણ માથી કોઈને સ્પષ્ટ બહુમતી આવે તેવી ઉમેદવારો નું સેલેકશન થયું નથી .મોટાભાગના નવા નિશાળિયા છે..કેટલાક ગ્રુપ ના વંશજ રૂપી ટિકિટ અપાઈ છે..૫૦% થી મતદાન વધારે થાય તેવું ક્યાંય દેખાતું નથી....

## અરવલ્લીમાં "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત કાનૂની શિક્ષણ શિબિરો યોજાશે

મોડાસા-શુક્રવાર,

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જીલ્લા કાનૂની સેવા સતા મંડળ, અરવલ્લી ધ્વારા કેન્દ્ર તથા રાજ્ય સરકારના "આઝાદી કા અમૃત મહોત્સવ" ના ભાગરૂપે તા.૨ ઓક્ટોબર થી ૧૪ નવેમ્બર ૨૦૨૧ના સમયગાળા દરમ્યાન સમગ્ર અરવલ્લી જીલ્લાના તાલુકાઓમાં તથા ગામડાઓના લોકોને મફત કાનૂની સહાયો તથા સરકારની વિવિધ યોજનાઓ વિશે માહીતગાર કરી શકાય તે માટે કાનૂની શિક્ષણ શિબિરો યોજાશે.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના સામાન્ય લોકોને લાભ મળી શકે માટે અરવલ્લીના મેઘરજ તાલુકામાં ૫ ઓક્ટોબરના રોજ નામ. નાલ્સાના માર્ગદર્શન હેઠળ મેગા લીગલ સર્વિસ તથા મોડાસા તાલુકામાં એમ.એલ.ગાંધી કોલેજ ખાતે કાનૂની કેમ્પ પણ યોજાશે. એમ અરવલ્લી જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળની અખબારી યાદીમાં જણાવાયું છે.

**રાજ્યકક્ષાના પુરવઠા મંત્રી ગજેન્દ્રસિંહ પરમારની જન આશીર્વાદ યાત્રા નીકળી**

## કાંકરેજના ટોટાણા ગામે સદારામબાપુના ધામમાંથી મંત્રી ગજેન્દ્રસિંહ પરમારે પૂજા,દર્શન કરી યાત્રાનો પ્રારંભ કર્યો

કાંકરેજ તાલુકાના ટોટાણા સદારામ બાપુ ના ધામ થી જન આશીર્વાદ યાત્રાની શરૂઆત કરવામાં આવી થરા વાળીનાથ ના દર્શન કરી થરા માં રેલી યોજી ત્યારબાદ થરા apmc માં મહામંડલેશ્વર ભગવાન ના દર્શન કરી, જલારામ મંદિર દર્શન કરી શિહોરી જવા માટે રવાના થયા હતા રસ્તામાં દરેક જગ્યાએ જન આશીર્વાદ યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું થરા શિહોરી ખીમાણા માં અલગ અલગ મોમેન્ટો, સાલ તલવાર. પાઘડી હાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું જન આશીર્વાદ યાત્રામાં ગુજરાત રાજ્ય કક્ષાના પુરવઠા મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર બનાસકાંઠા જિલ્લા પ્રમુખ ભાજપ ગુમાનસિંહ ચૌહાણ, નંદાજી ઠાકોર, સહિત ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓ વ્યાજબી ભાવની દુકાન સંચાલકો જોડાયા હતા તાલુકામાં ઠેર ઠેર જગ્યાએ કરવામાં આવ્યું ભવ્ય સ્વાગત જન આશીર્વાદ યાત્રા ટોટાણાથી નીકળી મોડી સાંજે અંબાજી પહોંચી હતી.



(રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)

## અરવલ્લીમાં ૩૦ સપ્ટેમ્બરથી ૧૯ ઓક્ટોબર સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકાયું

મોડાસા-શુક્રવાર,અરવલ્લી બ્યુરો મઠવાસ

રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં ખેતી ખર્ચમાં ઘટાડો કરી વધુ ઉત્પાદન મેળવવા તથા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના વ્યાપ વધે તે હેતુથી દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુંટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચ પેટે રૂ. ૯૦૦/- પ્રતિ માસ (રૂ.૧૦,૮૦૦/-ની વાર્ષિક મર્યાદામાં) સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવી છે. જેમાં આ યોજનાનો લાભ આઈડેન્ટિફિકેશન ટેગ સહિતની એક દેશી ગાય ધરાવતા તથા ખેડૂતે ધારણ કરેલ જમીન પૈકી ઓછામાં ઓછી એક એકર (૪૦ ગુંઠા) જમીનમાં છાણ, ગૌમૂત્રથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો મેળવી શકશે.

આ યોજના હેઠળ એક ખાતા (નમૂના નં-૮-અ મુજબ) દીઠ એક લાભાર્થીને સહાય મળવા પાત્ર થશે તથા અરજદાર ખેડૂતે પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધેલ હોવી જોઈએ. જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના ખેડૂતપુત્રો માટે તારીખ ૩૦ ઓક્ટોબર થી ૧૯ ઓક્ટોબર ૨૦૨૧ સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકાયું છે. જેમાં ખેડૂતોએ અરજી કરવાની રહેશે.

તેમજ અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ આઉટ મેળવી તેની પર સહી/અંગૂઠો કરી જરૂરી સાધનિક કાગળો જેવા કે, ૮-અ ની નકલ, સંયુક્ત ખાતેદાર હોય તો અન્ય ખાતેદારનું સમંતીપત્રક, બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક સામેલ કરી ૭ દિવસમાં તાલુકાના જે તે સેજાના ગ્રામસેવક/બીટીએમ/એટીએમ/પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્માની કચેરીને રજૂ કરવાની રહેશે. એમ એક અખબારી યાદીમાં જણાવાયુ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.